# જ્ઞાનપથ વિદ્યાલય-મોરબી

ન્યુ.ગુ.હા.બોર્ડ, શનાળા રોડ મોરબી



## ધોરણ : ૧૨ (કોમર્સ)

## વિષય: નામાના મૂળતત્વો



| | | | |
|---|---|---|---|
| નામ | | | |
| રોલ નં. | | ધોરણ અને વર્ગ : | |
| સરનામું | | | |
| મો. નં. | | | |

GNANPATH

NEW G. H. BOARD,

SANALA ROAD,

MORBI

MO. NO. 9979180060

www.gyanpathschool.blogspot.in

# CH : 1 ભાગીદારીના હિસાબો

## વિભાગ : A

❖ **નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ આપેલા ખાનામાં લખો : (દરેકનો 1 ગુણ)**

(1) ભાગીદારી પેઢીમાં વધુમાં વધુ કેટલા ભાગીદાર લઇ શકાય ? ➪ **20**

(2) જો ભાગીદારી કરારમાં ઉલ્લેખ ન હોય તો ભાગીદારે પેઢીને ધીરેલ લોન પર કેટલા ટકાના વાર્ષિક દરે વ્યાજ ગણાય ? ➪ **6 %**

(3) જો ભાગીદાર દર માસની શરૂઆતમાં એકસરખી રકમનો ઉપાડ કરે તો માસિક ઉપાડની રકમ પર કેટલા માસનું વ્યાજ ગણાય ? ➪ **78**

(4) જો ભાગીદાર દર માસની આખરે એકસરખી રકમનો ઉપાડ કરે તો માસિક ઉપાડની રકમ પર કેટલા માસનું વ્યાજ ગણાય ? ➪ **66**

(5) હંગામી મૂડી પ્રથામાં ભાગીદારના ભાગનો નફો કયા ખાતે કઇ બાજું લખાય ?➪ **મૂડી ખાતે જમા**

(6) જો સ્થિર મૂડીખાતા હોય તો ભાગીદારનું ઉપાડખાતું કયા ખાતે લઇ જવાય ? ➪ **ચાલુ ખાતે**

(7) ભાગીદારી પેઢીમાં ભાગીદારની જવાબદારી કેવી હોય છે ? ➪ **અમર્યાદિત**

(8) જયારે ભાગીદારોના મૂડી ખાતા સ્થિર હોય ત્યારે ભાગીદારોને ચૂકવવાનો પગાર કયા ખાતે જમા થાય છે ? ➪ **ચાલુ ખાતે**

(9) ભાગીદારીના ચાલુખાતાની ઉધાર બાકીનું વ્યાજ પેઢી માટે શું ગણાય ? ➪ **ઉપજ**

(10) જો કેલેન્ડર વર્ષ માટે કોઇ ભાગીદાર 1 મે થી એકસરખી રકમનો દર માસની શરૂઆતમાં ઉપાડ કરે તો 12% લેખે જો માસિક ઉપાડ રૂ. 900 હોય તો ઉપાડ પર વ્યાજ કેટલું થાય ? ➪ **રૂ. 324**

(11) શરાફી ભાગીદારી પેઢીમાં વધુમાં વધુ કેટલા ભાગીદાર લઇ શકાય ? ➪ **દસ**

(12) હંગામી મૂડી પ્રથામાં ઉપાડ પર વ્યાજ કયા ખાતે ઉધાર થાય ? ➪ **મૂડી ખાતે**

(13) કોઇ એક ભાગીદાર માસિક રૂ. 400 લેખે દર માસની આખરે ઉપાડ કરે છે તો ઉપાડ પર વાર્ષિક 12 % લેખે કેટલું વ્યાજ થાય ? ➪ **રૂ. 264**

(14) નફા નુકસાન ફાળવણી ખાતાની જમા બાકીને શું કહેવાય ? ➪ **વહેચણી પાત્ર નફો**

(15) જો કરારમાં ઉલ્લેખ ન હોય તો વહેચણી પાત્ર નફો ભાગીદારો કયા પ્રમાણમાં વહેચશે ? ➪ **સરખા પ્રમાણમાં**

GNANPATH

(16) X,Y,Z ની મૂડીનું પ્રમાણ 3 :2 : 1 હોય અને વર્ષનો વહેંચણીપાત્ર નફો રૂ. 66,000 હોય તો Z ને કેટલો નફો મળે ? ☞ **રૂ. 22,000**

(17) ભાગીદારની મૂડી પર વ્યાજ એ ભાગીદાર માટે શું ગણાય ? ☞ **આવક(ઉપજ)**

(18) ભાગીદારી પેઢીના હિસાબોમાં ભાગીદારોનાં મૂડીખાતા રાખવાની કેટલી પધ્ધતિઓ છે ? ☞ **બે**

## વિભાગ : B

❖ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો :(દરેકનો 1 ગુણ)**

(1) ભાગીદારી પેઢીમાં વધુમાં વધુ કેટલા ભાગીદારો હોઇ શકે ?

(2) ભાગીદારી કરારનામું લેખિત સ્વરૂપમાં હોવું શા માટે ઇચ્છવાયોગ્ય છે ?

(3) કરારમાં ઉલ્લેખ ન હોય તો ભાગીદારો નફો નુકસાન કયા પ્રમાણમાં વહેંચશે ?

(4) નફા નુકસાન ફાળવણી ખાતાની ઉધાર બાકીને શું કહેવાય ?

(5) જયારે મૂડીખાતા હંગામી રાખવામાં આવતા હોય ત્યારે મૂડી પર વ્યાજ કયા ખાતે જમા થાય ?

(6) ભાગીદારની ચાલુ ખાતાની જમા બાકી પેઢીના વાર્ષિક હિસાબમાં કયાં દર્શાવાય ?

(7) ભાગીદારોના ચાલુખાતા ખોલવાની જરૂર શા માટે પડે છે ?

(8) ભાગીદારના ઉપાડનું વ્યાજ નફા નુકસાન ફાળવણી ખાતામાં કઇ બાજુ દર્શાવાય ?

(9) સ્થિર મૂડી પધ્ધતિ અમલમાં હોય ત્યારે ભાગીદાર વધારાની મૂડી કાયમી ધોરણે લાવે, તો તે કયા ખાતે જમા થાય ?

(10) કઇ મૂડી પદ્ધતિમાં ભાગીદારના મૂડીખાતા અને ચાલુખાતા એક બે ખાતાં તૈયાર કરવામાં આવે છે ?

(11) ભાગીદારી કરારનામું એ પેઢીનું શું ગણાય ?

(12) અસ્થિર મૂડી ખાતાની પધ્ધતિ કોને કહેવાય ?

(13) સ્થિર મૂડી ખાતાની પધ્ધતી કોને કહેવાય ?

(14) ભાગીદારનું ચાલુ ખાતું કોને કહેવાય ?

(15) ભાગીદારી કરારમાં પગારની જોગવાઇ ન હોય તો ભાગીદારને પગાર આપી શકાય ?

## વિભાગ : C

❖ **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : (દરેકના 2 ગુણ)**

(1) કલ્પેશ પંડયાની આખરની મૂડી રૂ. 84,000 છે જેમાં ઉપાડના રૂ. 12,000 અને તેના હિસ્સાના નફાના રૂ. 20,000 સમાયેલા છે. મૂડી પર 10% વ્યાજ ગણો.

(2) બદામ, કેશર, પિસ્તા એક પેઢીના ભાગીદારો છે. તેઓની મૂડીનું પ્રમાણ 3 : 2 : 1 છે. પિસ્તાને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 6% કમિશન આપવાનું છે. તા. 31-12-2006 ના રોજ પૂરા

GNANPATH

થતા વર્ષનો પેઢીનો નફો રૂ. 20,988 હોય તો પિસ્તાને નફામાંથી કુલ કેટલી રકમ મળશે ?

(3) નીલ, ધરા અને મસનલ એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2005 ના રોજની તેમની મૂડી અનુક્રમે રૂ. 2,10,000, 2,40,000 અને રૂ. 4,50,000 હતી. વર્ષના અંતે નફાની વહેચણી કર્યા પછી માલૂમ પડ્યું કે મૂડીપર 12% લેખે વ્યાજ ગણવાનું રહી ગયેલ છે. ભૂલ સુધારણા નોંધ લખો.

(4) દેવાંગ, જીજ્ઞેશ અને બ્રિજેશ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. બ્રિજેશને જીજ્ઞેશના હિસ્સાનો પાંચમો ભાગ અને દેવાંગને બ્રિજેશના હિસ્સાથી બમણો ભાગ મળે છે. જો વર્ષના અંતે પેઢીનો કુલ નફો રૂ. 48,000 થયો હોય તો દરેક ભાગીદારને મળતો નફો શોધો ?

(5) K ને B ના હિસ્સાનો ત્રીજો ભાગ અને C ને B ના હિસ્સાનો અડધો ભાગ મળે છે. જો વર્ષના અંતે પઢીનો નફો રૂ. 88,000 થયો હોય તો, દરેક ભાગીદારને મળતી નફાની રકમ શોધો. C ને K કરતાં કેટલો વધુ નફો મળે ?

(6) ચૈત્ર, વૈશાખ અને જેઠ 5 : 7 : 9 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચી લેતા ભાગીદારો છે. મેનેજરને કમિશન બાદ કર્યા પછીના નફા પર 10% કમિશન આપવાનું છે. વૈશાખના ભાગે રૂ. 28,000 નફો આવે છે. મેનેજરના કમિશનની ગણતરી કરો.

(7) ગોપી, ખુશી અને કીર્તનની ભાગીદારી પેઢીનો રૂ. 48,000 નફો 2 : 1 : 1 ના પ્રમાણમાં વહેચવાને બદલે 3 : 2 : 1 ના પ્રમાણમાં વહેચ્યો છે. આ ભુલ સુધારણા માટે મુડી ખાતે કઈ અસર આપવી પડે ?

(8) X,Y અને Z ના સરખા હિસ્સાના ભાગીદારો છે. તેમની કુલ મુડી રૂ. 2,00,000 છે. તેમની મૂડીનું પ્રમાણ 5 : 3 : 2 છે. પેઢીની મૂડી પર વાર્ષિક 6 ટકાના દરે વ્યાજ ચૂકવે છે. Z ને વ્યાજ સહિત રૂ. 62,400 મળ્યા છે. તો ભાગીદાર X ને વ્યાજ સહિત કેટલા રૂપિયા મળશે ?

(9) રાધા અને રુક્ષમણીનું નફા નુકસાનનું પ્રમાણ 3 : 2 છે. રાધા અને મીરાનું પ્રમાણ 5 : 7 છે. રાધા , રુક્ષમણી અને મીરાની પેઢીનું નફા નુકસાન વહેચણીનું પ્રમાણ શોધો.

(10) રામ અને શ્યામની મૂડીનું પ્રમાણ 3 : 2 છે. જો વર્ષના અંતે પેઢીનો નફો રૂ. 50,000 થયો હોય તો શ્યામને કેટલો નફો મળે.

(11) એક પેઢીનું હિસાબી વર્ષ કેલેન્ડર વર્ષ છે. એક ભાગીદારે 1 લી સપ્ટેમ્બરથી દર માસની શરૂઆતમાં એક સરખી શકમનો ઉપાડ કરેલ છે. જો કુલ ઉપાડ રૂ. 1920 હોય તો વાર્ષિક 12 % ના દરે ઉપાડ પર વ્યાજ કેટલું થાય ?

(12) રિધ્ધી અને સિધ્ધિ એક પેઢીના ભાગીદારો છે. રિધ્ધિ દર મહિનાની પહેલી તારીખે રૂ. 800 લેખે અને સિધ્ધિ દર માસની છેલ્લી તારીખે રૂ. 800 લેખે ઉપાડ કરે છે. ઉપાડ પર 12 % લેખે વ્યાજ ગણવાનું હોય તો કોણે કેટલું વધારે વ્યાજ આપવું પડશે.

(13) ભાગીદારીનો અર્થ સ્પષ્ટ કરી ગમે તે છ લક્ષણો જણાવો.

(14) ભાગીદારી પેઢીની હિસાબી બાબતોને સ્પર્શતી ભાગીદારી કાયદાની જોગવાઈઓ જણાવો.

(15) અસ્થિર મૂડીખાતાની પદ્ધતિ સમજાવો.

(16) સ્થિર મૂડીખાતાની પદ્ધતિ સમજાવો.

(17) સ્થિર મૂડીખાતાની પદ્ધતિ અને અસ્થિર મૂડીખાતાની પદ્ધિત વચ્ચેના તફાવતાના ત્રણ મુદા જણાવો.

GNANPATH

# CH : 2 ભાગીદારીના વાર્ષિક હિસાબો

❖ **નીચે આપેલા નિબંધ પ્રકારના પ્રશ્નોના જવાબ આપો : (દરેકના 12 ગુણ)**

1. ખુશી અને ગોપી 2 : 3 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તેઓનું કાચું સરવૈયું નીચે મુજબ છે. નીચેના હવાલા ધ્યાનમાં લઈને વાર્ષિક હિસાબ તૈયાર કરો :

તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું

| ઉધાર બાકી | રકમ રૂ. | જમા બાકી | રકમ રૂ. |
|---|---|---|---|
| વ્યવસાયવેરો | 1300 | મૂડી : ખુશી | 3,00,000 |
| યંત્રો | 3,80,000 | ગોપી | 4,00,000 |
| યંત્રોનો ઘસારો | 20,000 | વેચાણ | 3,10,000 |
| ગ્રાહકો | 1,54,000 | ખુશીની લોન | 50,000 |
| ભાડું ($\frac{2}{3}$ ભાગનું ચૂકવેલ) | 15,000 | પ્રોવિડન્ટ ફંડ | 60,000 |
| ઉપાડ (ગોપી) | 26,000 | કમિશન | 2500 |
| ખરીદમાલ ગાડાભાડું | 800 | ઘાલખાધ પરત | 4500 |
| 10 ટકાના પ્રોવિડન્ટ ફંડના રોકાણો | 60,000 | વેપારીઓ | 1,13,000 |
| વટાવ | 1900 | સામાન્ય અનામત | 18,400 |
| નૂર જકાત | 4200 | | |
| જમીન મકાન | 3,00,000 | | |
| વીમો | 8600 | | |
| સ્ટેશનરી | 3600 | | |
| બેન્ક સિલક | 4000 | | |
| વ્યવસ્થિત ખરીદી | 1,50,000 | | |
| પ્રોવિડન્ટ ફંડમા ફાળો | 9000 | | |
| આખર માલ સ્ટોક | 1,10,000 | | |
| | **12,48,400** | | **12,48,400** |

**હવાલા :** (1) આખરમાલના સ્ટોકમાં રૂ. 3000 સ્ટેશનરી સ્ટોકના છે. (2) દેવાદાર પર 5% લેખે વટાવ અનામત રાખો. (3) રૂ. 2000 માલપરત જમાનોંધમાં નોધવાનાં બાકી રહી ગયા છે અને જમાંનોંધનો સરવાળો રૂ. 10,000 ઓછો ગણાયેલ છે. (4) મૂડી પર 10% લેખે વ્યાજ ગણો. (5) યંત્ર પર ઘસારાનો દર બમણો કરો.

**જવાબ : કાચો નફો રૂ. 1,40,000 , ચોખ્ખો નફો રૂ. 55,500 , વહેચણીપાત્ર ખોટ રૂ. 17,500 ખુશીની આખરની મુડી રૂ. 3,26,000 , ગોપીની આખરની મૂડી રૂ. 4,03,500 , પાકા સરવૈયાનો સરવાળો રૂ. 9,84,400**

2. કિર્તીક અને ધ્યાન મૂડીના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું અને હવાલા પરથી વેપાર ખાતું, નફા નુકસાન ખાતું, નફા નુકસાન ફાળવણી ખાતું, મૂડી ખાતા, તે જ દિવસનું પાકું સરવૈયું તૈયાર કરો.

### તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું

| ઉધાર બાકી | રકમ રૂ. | જમા બાકી | રકમ રૂ. |
|---|---|---|---|
| વેપાર ખર્ચ | 16,000 | મૂડી : કિર્તન | 8,00,000 |
| સ્ટોક (તા. 31-3-2006) | 2,00,000 | ધ્યાન | 12,00,000 |
| જકાત | 24,000 | લેણદારો | 2,08,000 |
| ડેમરેજ | 16,000 | દેવીહૂંડી | 28,000 |
| ભાડું અને વેરા | 18,800 | | |
| યંત્રો | 4,00,000 | એપ્રેન્ટિસ પ્રીમીયમ (તા. 1-10-2004 થી $4\frac{1}{2}$ વર્ષ માટે ) | 40,000 |
| સ્ટેશનરી | 24,000 | | |
| વ્યવસ્થિત ખરીદી | 4,80,000 | વેચાણ | 8,00,000 |
| પગાર(માાસિક રૂ. 16,000) | 1,60,000 | ઘાલખાધ અનામત | 16,000 |
| રોકડ સિલક | 1,40,000 | પ્રોવિડન્ટ ફંડ | 1,04,000 |
| ફર્નિચર(મૂળ કિંમત રૂ. 4,00,000) | 2,40,000 | પ્રોવિડન્ટ ફંડના રોકાણોનું વ્યાજ | 4000 |
| ગ્રાહકો | 1,60,000 | | |
| ઘાલખાધ | 12,000 | | |
| મકાન | 9,60,000 | | |
| માલ પરત જમા | 28,000 | | |
| પ્રોવિડન્ટ ફંડના રોકાણો | 1,04,000 | | |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 8000 | | |
| 10 ટકાની યોગીને લોન | 2,00,000 | | |
| | **31,90,800** | | **32,00,000** |

હવાલા : (1) તા. 31-3-2006 ના રોજ આખર સ્ટોકમાં રૂ. 4000 સ્ટેશનરી સ્ટોક છે. (3) દેવાદારોમાંથી રૂ. 40,000 નો એક દેવાદાર નાદાર જાહેર થયો. રીસીવરે 70 પૈસા લેખે ડિવિડન્ડ જાહેર કર્યું છે. ઘાલખાધ અનામત 10% રાખો. (3) મૂડી પર 5 % વ્યાજ ગણો. (4) નહિ નોંધાયેલ ઉધાર વેચાણ રૂ. 12,000. (5) યંત્ર પર ઘટતી જતી બાકીની રીતે 10% અને ફર્નિચર પર સરખા હપતાની પદ્ધતિએ 10 % ઘસારો ગણો. (6) ઉધારનોંધનો સરવાળો રૂ.9200 વધુ ગણ્યો છે.

**જવાબ : કાચો નફો રૂ. 2,50,800 , ચોખ્ખી ખોટ રૂ. 75,200 , વહેચણીપાત્ર ખોટ રૂ. 1,75,200 કિર્તિકની આખરની મુડી રૂ. 7,69,920 , ધ્યાની આખરની મૂડી રૂ. 11,54,880 , પાકા સરવૈયાનો સરવાળો રૂ. 23,30,800**

3. બંટી અને બબલી એક પેઢીમાં સરખે હિસ્સે નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. નીચે આપેલ માહીતી પરથી વેપાર ખાતું, નફા નુકસાન ખાતું, મૂડી ખાતા અને પાકું સરવૈયું તૈયાર કરો.

### તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| શરૂનો સ્ટોક(તા. 1-4-2005 | 20,000 | - |
| ખરીદ વેચાણ | 1,80,000 | 4,00,000 |
| માલપરત | 10,000 | - |
| ગાડાભાડું | 6000 | - |

GNANPATH

| | | |
|---|---|---|
| જાહેરાત ખર્ચ | 20,000 | - |
| નમૂના તરીકે વહેંચેલ માલ | - | 8000 |
| ડુબેલું લેણું અને ડૂબત નિધિ | 6000 | 11,000 |
| ઉધાર વટાવ ફંડ | - | 2000 |
| વટાવ | 5000 | 3000 |
| પેટન્ટ | 33,000 | |
| જમીન-મકાન | 2,00,000 | |
| ઉમેદવારનું પ્રિમીયમ (તા. 1-4-2004 થી 3 વર્ષ) | - | 12,000 |
| 10 ટકાની લોન અને તેનું વ્યાજ | 3000 | 50,000 |
| બેન્કસિલક | 12,000 | - |
| રોકડ | 43,000 | - |
| દેવાદારો લેણદારો | 65,000 | 20,000 |
| તાર ટપાલ | 2000 | - |
| પગાર અને ચૂકવવાનો બાકી પગાર | 12,000 | 3000 |
| વીમા પ્રીમીયમ | 18,000 | |
| મૂડી : બંટી | - | 90,000 |
| બબલી | - | 50,000 |
| ઉપાડ : બંટી | 10,000 | - |
| બબલી | 4000 | - |
| | **6,49,000** | **6,49,000** |

**હવાલા :** (1) આખર સ્ટોક રૂ. 20,000 છે. જેની 10% માલની બજારકિંમત 10% ઓછી છે જયારે બીજા 10% માલની બજારકિંમત 10% વધુ છે. (2) રૂ. 2000 નો ખરીદેલ માલ પરત કરેલ જેની નોંધ કરવાની બાકી છે. (3) ઘાલખાધના રૂ. 2000 માંડી વાળો જયારે ઘાલખાધ અનામત રૂ. 4000 સુધી વધારો. (4) વીમા પ્રીમીયમના રૂ. 2000 અગાઉથી ચૂકવેલ છે. (5) જમીન મકાન પર 8% લેખે ઘસારો કાપો. (6) મૂડી પર 5% અને ઉપાડ પર 10% લેખે વ્યાજ ગણો.

**જવાબ : કાચો નફો રૂ. 2,13,800 , વહેચણીપાત્ર નફો(ચોખ્ખો નફો) રૂ. 1,40,200, બંટીની આખરની મુડી રૂ. 1,53,600 , બબલીની આખરની મૂડી રૂ. 1,18,200 , પાકા સરવૈયાનો સરવાળો રૂ. 3,50,800**

4. અમીતા અને પરેશ 2 : 1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. નીચે આપેલી માહિતી પરથી વેપાર ખાતું, નફા નુકસાન ખાતું, ચાલું ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરો

**તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું**

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| મૂડી : અમીતા | - | 80,000 |
| પરેશ | - | 1,00,000 |
| ચાલુ ખાતા : અમીતા | 8000 | |
| પરેશ | - | 12,000 |
| ખરીદ અને વેચાણ | 1,50,000 | 2,60,000 |
| વ્યકિતના ખાતા | 80,000 | 40,000 |
| રેલવેનૂર | 8000 | - |
| ઓકટ્રોય | 2000 | - |
| વીમા પ્રિમીયમ | 15,000 | - |
| અમીતાની લોન(તા. 1-7-2005 થી) | - | 50,000 |

| | | |
|---|---|---|
| હૂંડીઓ | 25,900 | 8000 |
| ભાડાપટાનું મકાન(તા. 1-10-2005 થી 2 વર્ષ માટે) | 1,20,000 | - |
| સાંચા અને યંત્રો | 70,000 | - |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 15,000 | 25,000 |
| રોકડ અને બેન્ક | 30,000 | 10,000 |
| માલપરત | 2000 | 5000 |
| પાઘડી | 50,000 | - |
| પૅકિંગ ખર્ચ | 6000 | - |
| મળેલ વ્યાજ | - | 12,900 |
| બેન્ક ઓવરડ્રાફટનું વ્યાજ | 1000 | - |
| બેન્ક ચાર્જિસ | 3000 | - |
| આગથી થયેલ નુકસાન | 7000 | - |
| શરૂનો સ્ટોક | 10,000 | - |
| | 6,02,900 | 6,02,90 |

હવાલા : (1) આખર સ્ટોક રૂ. 50,000 છે. જેમાં 10% માલની કિંમત 60% સુધી ઘટાડો. (2) સાંચા અને યંત્રો પર 5% લેખે ઘસારો કાપો. (3) ઘાલખાધ અનામતની હવે જરૂર નથી. (4) રૂ. 5000 નો માલ ઉધાર ખરીદેલ જેની નોંધ કરવાની બાકી છે. (5) મૂડી પર 5% અને ચાલુ ખાતા પર 10% લેખે વ્યાજ ગણો.

**જવાબ : કાચો નફો રૂ. 1,36,000, ચોખ્ખો નફો રૂ. 81,750, અમિતાની આખરની મૂડી રૂ. 51,950 પરેશની આખરની મૂડી રૂ. 45,450 , પાકા સરવૈયાનો રૂ. 3,90,400.**

5. રાજન અને પ્રતીક 4 : 1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. નીચે આપેલ માહિતી પરથી નફા નુકસાન ખાતું, નફા નુકસાન ફાળવણી ખાતું, મૂડી ખાતા અને પાકું સરવૈયું તૈયાર કરો.

તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| કાચો નફો | - | 1,60,000 |
| મૂડી અને ઉપાડ : રાજન | 8000 | 1,60,000 |
| પ્રતીક | 5000 | 1,40,000 |
| વેચાણ પર ગાડાભાડું | 12,000 | - |
| તાર ટપાલ | 8000 | - |
| બેન્કસિલક | 35,000 | - |
| રોકડ | 28,600 | - |
| દેવાદારો લેણદારો | 90,000 | 30,000 |
| ઘાલખાધ અનામત | - | 7000 |
| ફ્રિહોલ્ડ મિલકતો | 50,000 | - |
| જાહેરાત | 8000 | - |
| પગાર (તા. 31-1-2006 સુધીનો) | 15,000 | - |
| ઓફિસ ખર્ચ | 20,000 | - |
| વીમા પ્રિમીયમ (તા. 31-8-2006 ના રોજ પૂરા થતા વર્ષનું) | 18,000 | - |

| | | |
|---|---|---|
| વેચાણ ખર્ચ | 12,000 | - |
| ભાડાપટાનું મકાન (તા. 31-3-2010 ના રોજ મુદત પૂરી થાય છે.) | 60,000 | - |
| યંત્રો | 40,000 | - |
| યંત્રનો ઘસારો | 3000 | - |
| સ્ટોક(તા. 31-3-2006) | 1,00,000 | - |
| દલાલી | - | 14,000 |
| બેન્કવ્યાજ | - | 1600 |
| | **5,12,600** | **5,12,600** |

હવાલા : (1) મૂડી પર 8% લેખે અને ઉપાડ પર 10% લેખે વ્યાજ ગણો. (2) યંત્રો પર ઘસારાનો દર ઘટાડીને 5% કરો. (3) ઘાલખાધના રૂ. 3000 માંડી વાળો જ્યારે ઘાલખાધ અનામત રૂ. 4000 થી વધારો (4) જાહેરાતના રૂ. 2000 ચૂકવવાના બાકી છે. (5) દલાલીના રૂ. 4000 અગાઉથી મળેલ છે.

**જવાબ : ચોખ્ખો નફો રૂ. 59,950, વહેચણીપાત્ર નફો રૂ. 37,250, રાજનની આખરની મુડી રૂ. 1,93,800 , પ્રતીકની આખરની મુડી રૂ. 1,53,150, પાકા સરવૈયાનો સરવાળો રૂ. 3,85,350**

6. अ અને ब 2 : 3 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. નીચે આપેલી માહીતી પરથી વેપાર ખાતું નફા નુકસાન ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરો.

તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| મૂડી અને ઉપાડ : अ | 15,000 | 1,00,000 |
| ब | 10,000 | 1,20,000 |
| દેવું અને લેણું | 60,000 | 30,000 |
| ખરીદ અને વેચાણ | 2,50,000 | 4,00,000 |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 3000 | 9000 |
| વટાવ અનામત | - | 2500 |
| વટાવ | 4000 | 6000 |
| માલપરત | 10,000 | 5000 |
| મજૂરી | 6000 | - |
| પગાર | 8000 | - |
| ઉમેદવારનું પ્રિમીયમ (તા. 1-4-2005 થી 2 વર્ષ માટે) | - | 12,000 |
| યંત્રો | 1,30,000 | - |
| ફર્નિચર | 40,000 | - |
| હૂંડીઓ | 9000 | 6000 |
| રોકડ અને બેન્ક | 27,000 | 3000 |
| ચૂકવવાનો બાકી પગાર | - | 2000 |
| ભાડાપટાનું મકાન (તા. 1-4-2002 થી 5 વર્ષ માટે) | 1,30,000 | - |
| શેરડિવિડન્ડ | - | 6500 |
| | **7,02,000** | **7,02,000** |

હવાલા : (1) આખર સ્ટોક રૂ. 80,000 છે. જેની બજારકિંમત રૂ.75000 છે. (2) ઘાલખાધ ના રૂ.10,000 માંડી વાળો જ્યારે ઘાલખાધ અનામત 10% અને દેવાદાર પર 2% લેખે વટાવ અનામત રાખો. (3) રૂ. 5000 નો માલ ઉધાર ખરીદેલ જેની વેચાણનોંધમાં નોંધ કરેલ છે. (4) ઉપાડ કરતા વધારાની મૂડી પર 10% લેખે વ્યાજ ગણો. (5) 1-10-2005 ના રોજ ब અંગત ફર્નિચર રૂ. 10,000 નું લાવેલ જેની ચોપડે નોંધ કરવાની બાકી છે. (6) ફર્નિચર પર 10% લેખે ઘસારો કાપો.

**જવાબ : કાચો નફો રૂ. 2,04,000 ચોખ્ખો નફો રૂ. 1,14,190 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 3,91,150**

7. આરતી અને ભારતી 3 : 2 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. નીચે આપેલી માહીતી પરથી નફા નુકસાન ફાળવણી ખાતું, ચાલુ ખાતા, મૂડી ખાતા અને પાકું સરવૈયું કરો.

તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| ચોખ્ખો નફો | - | 1,50,000 |
| મૂડી અને ઉપાડ : આરતી | 9000 | 75,000 |
| ભારતી | 12,000 | 1,25,000 |
| ચાલુ ખાતું : આરતી | 23,000 | - |
| ચાલું ખાતું : ભારતી | - | 12,000 |
| પગાર : આરતી | 18,000 | - |
| રોકડ અને બેન્ક ઓવરડ્રાફ્ટ | 60,000 | 1000 |
| ગ્રાહકો અને વેપારીઓ | 55,000 | 18,000 |
| પ્રોવિડન્ટ ફંડ અને પ્રોવિડન્ટ ફંડના રોકાણી | 12,000 | 19,000 |
| ચૂકવવાની બાકી મજૂરી | - | 3000 |
| અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમીયમ | 8000 | - |
| ફર્નિચર ફિક્ષ્ચર્સ | 36,000 | - |
| શેર રોકાણો | 25,000 | - |
| રોકાણ વધઘટ અનામત | - | 6000 |
| આખર સ્ટોક (તા. 31-3-2006) | 24,000 | - |
| ભાડાપટાનું મકાન | 60,000 | - |
| મળવાનું બાકી ભાડું | 8000 | - |
| અગાઉથી મળેલ કમિશન | - | 5000 |
| આરતીની લોન (તા. 1-6-2005 થી) | - | 30,000 |
| આરતીની લોન પર વ્યાજ | 1000 | - |
| યંત્રો | 90,000 | - |
| | 4,41,000 | 4,44,000 |

હવાલા : (1) મૂડી પર 10% અને ઉપાડ પર 5% વ્યાજ ગણો. (2) ચાલુ ખાતાની બાકી પર 10% લેખે વ્યાજ ગણવાનું છે. (3) ભારતી તા. 31-3-20 ના રોજ અંગત ફર્નિચર રૂ. 4000 નું લાવેલી જેની ચોપડે નોંધ કરવાની બાકી છે. (4) રૂ. 4000 ની લેણીહુંડી મળેલ જેની ચોપડે નોંધ થઇ નથી.

(5) આરતીને માસિક રૂ. 2000 લેખે પગાર આપવાનો છે. (6) ઉપરોક્ત તમામ હવાલાની અસર આપ્યા પછી વધતા નફાના 10% કમિશન આરતીને આપવાનું છે.

**જવાબ : વહેંચણીપાત્ર નફો રૂ. 95,985, આરતીના ચાલુ ખાતાની આખરની જમા બાકી રૂ. 47,506, ભારતીના ચાલુ ખાતાની આખરની જમા બાકી રૂ. 51,494, પાકા સરવૈયાનો સરવાળો રૂ. 3,85,000**

8. નિલમ પટેલ અને નીરાલી પટેલ 'મેસર્સ દીવાન એન્ડ નવરંગ કું.' ના ભાગીદારો છે. તા. 31-3-2006 ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે. તેના પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો :

કાચું સરવૈયું

| ઉધાર બાકી | રકમ રૂ. | જમા બાકી | રકમ રૂ. |
|---|---|---|---|
| ઉપાડ : નિલમ | 60,000 | મૂડી ખાતા : નિલમ | 1,50,000 |
| નિરાલી | 60,000 | નિરાલી | 1,80,000 |
| ખરીદી | 5,20,000 | ચાલુ ખાતા : નિલમ | 15,000 |
| માલપરત | 8000 | નિરાલી | 12,000 |
| સ્ટોક (તા. 1-4-2005) | 80,000 | વેચાણ | 9,20,000 |
| પગાર | 90,000 | માલપરત | 6000 |
| ઓફિસ ખર્ચા | 30,695 | ઘાલખાધ અનામત | 30,000 |
| ભાડું (તા. 31-1-2006 સુધી ચૂકવેલ) | 15,000 | બેન્ક લોન | 97,500 |
| ઘાલખાધ | 7000 | લેણદારો | 1,80,000 |
| આવકમાલ ગાડાભાડું | 15,000 | દેવીહુંડી | 14,695 |
| જાવકમાલ ગાડાભાડું | 22,500 | સામાન્ય અનામત | 48,000 |
| દેવાદારો | 3,35,000 | નિલમની લોન (તા. 1-10-2005) | 30,000 |
| લેણીહુંડી | 10,000 | પ્રોવિડન્ટ ફંડ | 70,000 |
| બેન્કસિલક | 28,000 | | |
| હાથ પર રોકડ | 17,000 | | |
| પ્રોવિડન્ટ ફંડના રોકાણો | 70,000 | | |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 7000 | | |
| મકાનો | 1,72,000 | | |
| સાંચા અને યંત્રો | 1,41,000 | | |
| વીમો (તા. 31-7-2006 સુધી ચુકવેલ) | 21,000 | | |
| ફર્નિચર | 20,000 | | |

GNANPATH

| | | | |
|---|---|---|---|
| ફર્નિચરમાં વધારો (તા. 1-10-2005) | 10,000 | | |
| અગાઉથી ચૂકવેલ પગાર | 5000 | | |
| યંત્રો પર ઘસારો | 9000 | | |
| | **17,53,195** | | **17,53,195** |

**હવાલા :** (1) છેવટના સ્ટોકની કિંમત રૂ. 1,50,000 છે. જે પૈકી રૂ. 70,000 ના સ્ટોકની બજારકિંમત 10% ઓછી છે અને બાકીના સ્ટોકની કિંમત 10% વધુ છે. (2) ઘાલખાધ અનામત દેવાદારો પર 5% રાખવાની છે. (3) યંત્રો પર ઘસારો 10% સુધી વધારવાનો છે અને ફર્નિચર પર 10% ઘસારો ગણો. (4) રૂ. 10,000 નું ઉધાર વેચાણ ભૂલથી ખરીનોંધમાં લખાયું છે. (5) દેવાદારો અને લેણદારો પર 2% વટાવ અનામત રાખો. (6) ભાગીદારોની મૂડી પર 10% લેખે વ્યાજ ગણો અને ઉપાડ પર પણ તે જ દરે 6 માસનું વ્યાજ ગણો. (7) દરેક ભાગીદારને વાર્ષિક રૂ. 24,000 પગાર આપવાનો છે. (8) એક કામદારને રૂ. 3000 ની લોન આપી હતી. જે ભૂલથી પગાર ખાતે ઉધારવામાં આવી હતી. (9) વહેચણીપાત્ર નફા પૈકી અર્ધો નફો ભાગીદારો વચ્ચે સરખે ભાગે અને બાકીનો નફો 2 :3 ના પ્રમાણમાં વહેચવાનો છે.

**જવાબ : કાચો નફો રૂ. 4,66,000, ચોખ્ખો નફો રૂ. 2,71,900 નફા નુકસાન ખાતે વહેચણીપાત્ર નફો : નિલમ રૂ. 88,200, બિરાલી રૂ. 1,07,800 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 9,38,695.**

GNANPATH

# CH : 3 ભાગીદારીનું પુનર્ગઠન

❖ **નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ આપેલા ખાનામાં લખો.**

(1) ચાલુ ભાગીદારો વચ્ચે નફા નુકસાનની વહેંચણીનું પ્રમાણ

➢ **બધા જ ભાગીદારોની સંમતિથી બદલી શકાય છે.**

(2) લાભનું પ્રમાણ એટલે ➢ **ભાગીદારને બીજા ભાગીદારને આપેલ નફાનો પ્રમાણસર ભાગ**

(3) જો ત્યાગના પ્રમાણની ગણતરીમાં કોઇ ભાગીદારનું ત્યાગ પ્રમાણ ઋણ (-) ચિહ્‌ન સાથે આવે તો

➢ **તે ભાગીદારે કોઇ ત્યાગ કર્યો નથી. પરંતુ તે ભાગીદારે લાભ મળો છે તેમ કહેવાય.**

(4) અલ્પા, જલ્પા અને શિલ્પા $2:1:1$ ના પ્રમાણમાં નફો નફુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ પોતાના નફા નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલીને અનુક્રમે $1:2:1$ નું કરે છે. તો શિલ્પાએ કરેલ ત્યાગનું પ્રમાણ ➢ **શૂન્ય છે.**

(5) ત્રણ ભાગીદારો 'અ','બ' અને 'ક' વચ્ચે નફા નુકસાનની વહેંચણીમાં કરેલ ફેરફારને લીધે 'બ' નો ત્યાગ $\frac{1}{15}$ ભાગનો અને 'ક' નો ત્યાગ $\frac{1}{15}$ ભાગનો આવે છે. તો 'અ' ને મળેલ લાભ શોધો.

➢ $\frac{2}{15}$ **આવે.**

(6) ચાલુ ભાગીદારી પેઢીના ચોપડે મિલકતો જે કિંમતે નોધાંચેલ હોય તે તેની વાસ્તવિક કિંમત કરતા વધુ કે ઓછી હોઇ શકે. તે મિલકતો અને દેવાની કિંમતમાં વધારો કે ઘટાડો નોંધવા માટે ભાગીદારીના પુનર્ગઠન સમયે ➢ **નફા નુકસાન હવાલા ખાતું તૈયાર કરવામાં આવે છે.**

(7) નફા નુકસાન હવાલા ખાતાને ➢ **પુનઃમુલ્યાંકન ખાતું પણ કહેવાય છે.**

(8) ભાગીદારીના પુનર્ગઠન સમયે પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ મિલકતની કિંમતમાં ઘટાડો અને દેવાની રકમનો વધારો ➢ **નફા નુકસાન હવાલા ખાતે ઉધાર કરવામાં આવે છે.**

(9) ભાગીદારીના પુનર્ગઠન સમયે કોઇ મિલકત, મળવાની બાકી આવક કે અગાઉથી ચૂકવેલ ખર્ચ ચોપડે નોંધવાના બાકી હોય તો તેની રકમ ➢ **નફા નુકસાન હવાલા ખાતે જમા કરવામાં આવશે.**

(10) ભાગીદારીના પુનર્ગઠન સમયે દેવાદારો પર ઘાલખાધ અનામત, વટાવ અનામત વગેરેની જોગવાઇ કરવાની હોય તો તે રકમ ➢ **પુનઃમૂલ્યાકન ખાતે ઉધાર કરવામાં આવશે.**

(11) ભાગીદારીના પુનર્ગઠન સમયે પુનઃમૂલ્યાકન ખાતું બંધ કરી તેની બાકી

➢ **ભાગીદારોના મૂડી ખાતે નફા નુકસાનની વહેંચણીના જુના પ્રમાણમાં લઇ જવાશે.**

(12) ભાગીદારીના પુનર્ગઠન સમયે અનામત કે અનામત ભંડોળની અને એકત્રિત થયેલ નફાની રકમ ભાગીદારો વચ્ચે ☞ **નફા નુકસાનની વહેચણીના જૂના પ્રમાણમાં વહેચાંશે.**

## વિભાગ : B

❖ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં આપો :**

(1) ભાગીદારીનું પુનર્ગઠન એટલે શું ?

(2) ભાગીદારીનાં પુનર્ગઠનનાં કોઇ પણ બે કારણો જણાવો.

(3) જો કોઇ ભાગીદારનું ત્યાગનું પ્રમાણ ઋણ આવે તો અર્થ શું થાય ?

(4) જો કોઇ ભાગીદારનું લાભનું પ્રમાણ ઋણ આવે તો તેનો અર્થ શું થાય ?

(5) મિલકતો અને દેવાનું પુનઃમુલ્યાંકન એટલે શું ?

(6) જો કોઇ મિલકતની ચોપડે કિંમત રૂ. 10,000 હોય અને ભાગીદારનું પુનર્ગઠન સમયે તેની કિંમત રૂ. 12,000 આંકવામાં આવે, તો મિલકતની કિંમતમાં થયેલ રૂ. 2000 નો વધારો કયા ખાતે જમા કરવામાં આવશે ?

(7) જો કોઇ દેવાની ચોપડે નોંધેલ રકમ રૂ. 12,000 હોય અને ભાગીદારીના પુનર્ગઠન સમયે તે રકમ ઘટીને રૂ. 7000 ની થાય, તો કેટલી રકમ નફા નુકસાન હવાલા ખાતે જમા કરવામાં આવશે ?

(8) ચોપડે નહિ નોંધેલ મિલકત, જો ભાગીદારીના પુનર્ગઠન સમયે નોંધવાનું નક્કી કરવામાં આવે, તો આ મિલકત કયા ખાતામાં કઇ બાજુએ નોંધાશે ?

(9) ચોપડે નહિ નોંધેલ દેવું, જો ભાગીદારીના પુનર્ગઠન સમયે ચોપડે નોંધવામાં નક્કી કરવામાં આવે, તો આ દેવું કયા ખાતામાં કઇ બાજુએ નોંધાશે ?

(10) પુનઃમૂલ્યાંકન ખાતાની જમા બાકી શું દર્શાવે છે ?

(11) પુનઃમૂલ્યાંકન ખાતાની ઉધાર બાકી શું દર્શાવે છે?

(12) ભાગીદારીના પુનર્ગઠન સમયે પુનઃમૂલ્યાકન ખાતાની બાકી ભાગીદારોના મૂડી ખાતે કયા પ્રમાણમાં લઇ જવાય છે ?

(13) ભાગીદારીના પુનર્ગઠન સમયે પેઢીના પાકા સરવૈયામાં દર્શાવેલ કારીગર અકસ્માત ભંડોળ ખાતાની બાકી ભાગીદારો ખાતે કયા પ્રમાણમાં વહેચાશે ?

GNANPATH

## વિભાગ : C

❖ **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) રાજ અને સમીરન એક પઢીના સરખે હિસ્સે નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓએ તેમની વચ્ચેનું નફા નુકસાનની વહેચણીનું પ્રમાણ બદલીને ભવિષ્ય માટે 3 :1 નું કર્યું છે. ભાગીદારે કરેલ ત્યાગના સૂત્રનો ઉપયોગ કરી કયા ભાગીદારે કેટલો ત્યાગ કર્યો છે એની ગણતરી દર્શાવો.

(2) સલીમ અને મલિક એક પેઢીના 3 : 1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓએ તેમની વચ્ચેનું નફા નુકસાનની વહેચણીનું પ્રમાણ બદલીને ભવિષ્ય માટે 1 : 4 નું કર્યુ છે. ભાગીદારે કરેલ ત્યાગના સૂત્રનો ઉપયોગ કરી કયા ભાગીદારે કેટલો ત્યાગ કર્યો છે એની ગણતરી દર્શાવો.

(3) નિશા, દિશા અને એશા એક પેઢીના 3 : 1 : 3 ના પ્રમણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓએ તેમનું નફા નુકસાનની વહેચણીનું પ્રમાણ બદલીને ભવિષ્ય માટે 2 : 3: 2 કર્યુ છે. ભાગીદારે કરેલ ત્યાગના સૂત્રનો ઉપયોગ કરી નિશા અને એશાએ કેટલો ત્યાગ કર્યો છે, તેની ગણતરી દર્શાવો.

(4) ઉપરના દા.નં 2 ની ગણતરી ભાગીદારને મળેલ લાભના સૂત્રનો ઉપયોગ કરી દર્શાવો.

(5) ઉપરના દા. 3 ની ગણતરી ભાગીદારને મળેલ લાભના સૂત્રનો ઉપયોગ કરી દર્શાવો.

(6) ઉપરના દા. 4 ની ગણતરી ભાગીદારને મળેલ લાભના સૂત્રનો ઉપયોગ કરી દર્શાવો.

(7) નો ભાગીદારીના પુનર્ગઠન સમયે જમીનની કિંમતમાં રૂ. 10,000 નો વધારો, યંત્રોની કિંમતમાં રૂ. 3000 નો ઘટાડો અને ચોપડે નહિ નોંધેલ મિલકત રૂ.2000 ની હોય, તો પુનઃમુલ્યાંકન ખાતા મુજબના નફા કે ખોટની રકમ શોધો.

(8) જો ભાગીદારીના પુનર્ગઠન સમયે યંત્રોની કિમતમાં રૂ. 3000 નો વધારો, જમીનની કિંમતમાં રૂ. 6000 નો વધારો તથા રોકાણોની કિંમતમાં રૂ. 14,000 નો ઘટાડો થયો હોય, તો પુનઃમૂલ્યાંકન ખાતા મુજબના નફા કે ખોટની રકમ શોધો.

(9) નિકુંજ, શ્રીકુંજ અને કુંજ એક પેઢીના 3 : 2 : 1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓએ તેમની વચ્ચેનું નફા નુકસાનની વહેચણીનું પ્રમાણ બદલીને ભવિષ્ય માટે અનુક્રમે 1 : 1 : 1 કર્યુ છે. આ સમયે પેઢીના ચોપડે નીચેની જમા બાકીઓ છે :

(1) નફા નુકસાન ખાતું રૂ. 7200 (જમા બાકી)

(2) કારીગર નફા ભાગ ભંડોળ રૂ. 3000

ભાગીદારી પેઢીના ચોપડે એકત્રિત થયેલ નફા કે ખોટની વહેચણી અંગેની આમનોંધ લખો.

GNANPATH

# CH : 4 પાઘડી

❖ **નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ આપેલા ખાનામાં લખો.**

(1) પાઘડી એ ધંધાની પ્રતિષ્ઠાનું મૂલ્ય દર્શાવતી

**જવાબઃ અદૃશ્ય મિલકત છે.**

(2) નીચેનાં પરિબળો પાઘડીના મૂલ્યાંકનને અસર કરે છે સિવાય કે

**જવાબઃ ગ્રાહકનું સ્થાન**

(3) નીચેનાં પરિબળો પાઘડીના મૂલ્યાંકનને અસર કરે છે.

**જવાબ : ઉપરનાં બધા જ**

(4) પાઘડીના મૂલ્યાંકન માટેની પદ્ધિતઓમાં ધ્યાનમાં લેવાતું સૌથી અગત્યનું પરિબળ

**જવાબ : ભવિષ્યમાં જળવાઇ રહે તેવો નફો છે.**

(5) સાદી સરેરાશ નફાના અમુક વર્ષની ખરીદીની પદ્ધતિ મુજબ પાઘડી એટલે

**જવાબ : સરેરાશ નફો × પાઘડીનાં ખરીદીના વર્ષો**

(6) ભારિત સરેરાશ નફાની અમુક વર્ષની ખરીદીની પદ્ધતિ મુજબ પાઘડી એટલે....

**જવાબ : ભારીત સરેરાશ નફો × પાઘડીનાં ખરીદીના વર્ષો**

(7) સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર પાઘડી એટલે....

**જવાબ : મૂડીકૃત નફો - ધંધામાં રોકાયેલી મૂડી**

(8) અધિક નફાની અમુક વર્ષની ખરીદીની પદ્ધતિ અનુસાર પાઘડી એટલે....

**જવાબ : સરેરાશ નફો અપેક્ષિત નફો × પાઘડીનાં ખરીદીના વર્ષો**

(9) જ્યારે નફાની રકમ સતત વધારાનું વલણ દર્શાવતી હોય તો પાઘડીનાં મૂલ્યાંકન માટે સરેરાશ નફાની ગણતરી.....

**જવાબ : ભારિત સરેરાશ પદ્ધતિ મુજબ કરશે.**

(10) જો પાઘડી સરેરાશ નફાના આધારે ગણવાની હોય તો નીચેની માહીતી પરથી સરેરાશ નફાની રકમ

| વર્ષ | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|
| નફો રૂ. | 10,000 | 15,000 | 11,000 |

**જવાબ : રૂ. 12,000 આવે**

(11) જો પાઘડી સરેરાશ નફાના આધારે ગણવાની હોય તો નીચેની માહિતી પરથી સરેરાશ નફાની રકમ ....

| વર્ષ | 2004 | 2005 | 2006 |
|---|---|---|---|
| નફો રૂ. | 10,000 | 11,000 | 15,000 |

**જવાબ : રૂ. 12,833 આવે**

(12) નીચેની માહીતી આધારે નફાની સરેરાશ રકમ ..........આવે.

| વર્ષ | 2001 | 2002 | 2003 | 2004 |
|---|---|---|---|---|
| નફો રૂ. | -10,000 (ખોટ) | 5000 | 15,000 | 10,000 |

**જવાબ : રૂ. 5000**

(13) પાઘડીની અસર સીધી જ ભાગીદારોના મૂડીખાતે આપવાની હોય તો પાઘડીની પ્રમાણસર રકમ....

**જવાબ : લાભ મેળવનાર ભાગીદાર ખાતે ઉધાર અને ત્યાગ આપનાર ભાગીદાર ખાતે જમા થશે.**

## વિભાગ : B

❖ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાકયમાં આપો :**

(1) પાઘડી એટલે શું ?

(2) પાઘડીને અસર કરતા કોઇ પણ બે પરિબળોનાં ફક્ત નામ જણાવો.

(3) પાઘડીના મૂલ્યાંકનની કોઇ પણ બે પદ્ધતિઓનાં ફક્ત નામ જણાવો.

(4) પાઘડીના મૂલ્યાંકન માટે કયા સંજોગોમાં ભારિત સરેરાશ નફાની પદ્ધતિનો ઉપયોગ થાય છે તે જણાવો.

(5) જો અમુક વર્ષમાં ખોટ હોય અને વર્ષમાં નફો, તો તેવા સંજોગોમાં પાઘડીના મૂલ્યાંકન માટે સરેરાશ નફાની ગણતરી કયાં વર્ષોને આધારે કરાય ?

(6) પાઘડીના મૂલ્યાંકનની તમામ પદ્ધતિમાં સૌથી મહત્વનું પરિબળ કયું છે ?

(7) સાદા સરેરાશ નફાની પદ્ધતિની મુખ્ય બે ખામીઓ જણાવો.

(8) મૂડીકૃત નફો શોધવા માટેનું સુત્ર લખો.

(9) અધિક નફો શોધવા માટેનું સુત્ર લખો.

(10) જો છેલ્લાં પાંચ વર્ષની ભારિત સરેરાશ નફાની રકમ રૂ. 10,000 હોય અને પાઘડીના ખરીદીના $2\frac{1}{2}$ વર્ષ હોય તો પાઘડીની રકમ શોધો.

(11) જો છેલ્લાં 4 વર્ષનો કુલ નફો રૂ. 60,000 હોય અને પાઘડીનું મૂલ્ય ત્રણ વર્ષની સરેરાશ નફાની ખરીદીને આધારે નકકી કરવાનું હોય તો પાડીનું મૂલ્ય શોધો.

(12) જો પેઢીના ચોપડે પાઘડીખાતું દર્શાવેલ ન હોય અને પાઘડી અંગેનો હવાલો સીધો જ ભાગીદારોના મૂડી ખાતે આપવામાં આવે તો પાકા સરવૈયામાં પાઘડી કઇ કિંમતે દર્શાવાશે ?

(13) જો ભાગીદારોની નફા નુકસાનની વહેચણીનું પ્રમાણ બદલવામાં આવે અને તે સમયે પાઘડીખાતું ચોપડે ઉભું કરવામાં આવ્યું હોય અને જો તે પાઘડીખાતું માંડી વાળવું હોય તો તે ભાગીદારો કયા પ્રમાણમાં માંડી વાળશે.

## વિભાગ : C

❖ **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) રામ અને રહિમ એક ભાગીદારી પેઢીના 3 : 2 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. નીચેની માહિતીને આધારે પાંચ વર્ષની સરેરાશ લઇ, ચાર વર્ષની ખરીદી માટે પાઘડીનું મુલ્ય નકકી કરો :

| વર્ષ | 2001 | 2002 | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|---|---|
| નફો (રૂ.) | 9000 | 8000 | 20,000 | 15,000 | 10,000 |

(2) માલા અને લાલ એક ભાગીદારી પેઢીના 2 : 1 ના પ્રમાણમાં નફાનુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓ ભવિષ્ય માટે પ્રમાણ બદલી 1 : 1 કરવા માંગે છે. નીચેની માહિતી પરથી છેલ્લાં ચાર વર્ષની સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે પાઘડીનું મુલ્ય નકકી કરો.

| વર્ષ | 2003 | 2004 | 2005 | 2006 |
|---|---|---|---|---|
| નફો (રૂ.) | 10,000 | 12,000 | 15,000 | 20,000 |

(3) જો પાઘડીનું મૂલ્ય છેલ્લાં ત્રણ વર્ષની સરેરાશ નફાની રકમની બે વર્ષની ખરીદીને આધારે ગણાવાનું હોય અને નફાની માહિતી નીચે મુજબ હોય, તો પાઘડીનું મુલ્ય શોધો :

| વર્ષ | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|
| નફો/ખોટ(રૂ.) | 10,000 | (-)8000(ખોટ) | 9000 |

(4) જો પાઘડીનું મૂલ્ય છેલ્લાં પાંચ વર્ષની સરેરાશ નફાની રકમની 4 વર્ષની ખરીદીને આધારે ગણવાનું હોય અને નફાની માહિતી નીચે મુજબ હોય તો પાઘડીનું મૂલ્ય શોધો.

| વર્ષ | 2002 | 2003 | 2004 | 2005 | 2006 |
|---|---|---|---|---|---|
| નફો(રૂ.) | 8000 | 9000 | 10,000 | 15,000 | 14,000 |

(5) પ્રિયા અને કનક 2 : 3 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓનું ભવિષ્યનું નફા નુકસાનની વહેચણીનું પ્રમાણ બદલીને 3 : 2 કરવામાં આવ્યું. આ સમયે પાઘડીનું મૂલ્યાંકન રૂ. 50,000 કરવામાં આવ્યું. જો પાઘડી ખાતું ઉભું કર્યા વગર સીધી જ અસર ભાગીદારોના મૂડી ખાતામાં આપવાની હોય, તો તે અંગેની આંમનોંધ લખો.

GNANPATH

(6) કરન, રમન અને જયન 3 : 2 :1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓ તેમની નફા નુકશાનની વહેચણીનું પ્રમાણ બદલીને 2 : 2 : 1 કર્યુ. આ સમયે ધંધાની પાઘડીનું મુલ્ય રૂ. 1,20,000 નકકી કરવામાં આવ્યું છે અને રૂ. 18,000 ની પાઘડી હાલમાં ચોપડે દર્શાવિલ છે. પાઘડી અંગેની જરૂરી આંમનોંધ લખો. ( જો તે કુલ કિંમતે ચોપડે દર્શાવવાની હોય તો.)

(7) ઉપરના 6 માં જો પાઘ્ડી ચોપડે દર્શાવવી ન હોય તો તેને માંડી વાળવા અંગેની આંમનોંધ લખો.

(8) રાજુ, રોહિત અને રાજન 5 : 2 : 3 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તેઓ ભવિષ્ય માટે નફા નુકસાનનું પ્રમાણ બદલીને 3 : 2 : 1 નું કર્યુ. આ સમયે પાઘડીનું મુલ્ય રૂ. 60,000 નકકી કરવામાં આવ્યું. ચોપડામાં પાઘડીનું ખાતું રૂ. 66,000 ની કિંમતે દર્શાવિલ છે. પાઘડીનું નવું મુલ્ય ચોપડે દર્શાવવા માટે જરૂરી આંમનોંધ લખો.

(9) રાજુ, રોહિત અને રાજન 5 : 2 : 3 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓ ભવિષ્ય માટે નફા નુકસાનું પ્રમાણ બદલીને 3 : 2 : 1 નું કર્યુ. આ સમયે પાઘડીનું મુલ્ય રૂ. 60,000 નકકી કરવામાં આવ્યું. ચોપડામાં પાઘડીનું ખાતું રૂ. 66,000 ની કિંમતે દર્શાવિલ છે. પાઘડીનું નવું મુલ્ય ચોપડે દર્શાવવા માટે જરૂરી આંમનોંધ લખો.

(10) જો દા. 9 માં પુનઃમુલ્યાંકન બાદ, ભાગીદારો પાઘડીની રકમ પોચડે દર્શાવવા માંગતા ન હોય, તો તે અંગેની આંમનોંધ લખો.

(11) જો દા. 10 માં પુનઃ મુલ્યાંકન બાદ ભાગીદારો પાઘડીની રકમ ચોપડે દર્શાવવા માંગતા ન હોય, તો તે અંગેની આંમનોંધ લખો.

## વિભાગ : D

❖ **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) પાઘડીનો અર્થ આપી તેને અસર કરતાં કોઇ પણ બે પરિબળો સમજાવો.

(2) ટૂંક નોંધ લખો : સાદા સરેરાશ નફાનાં અમુક વર્ષની ખરીદીની પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિ

(3) ટૂંક નોંધ લખો : ભારિત સરેરાશ નફાનાં અમુક વર્ષની ખરીદીની પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિ

(4) ટૂંક નોંધ લખો : સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિ

(5) ટૂંક નોંધ લખો : અધિક નફાનાં અમુક વર્ષની ખરીદીના પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિ

(6) રમેશ, કનક અને પ્રિત 4 : 3 : 3 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓ તેમનું નફા નુકસાનની વહેચણીનું પ્રમાણ બદલીને 2 : 1 : 1 કરવા માંગે છે. આ હેતું માટે પાઘડી રૂ. 1,00,000 નકકી કરવામાં આવી છે. નીચેના દરેક સંજોગ માટે પેઢીના ચોપડે આંમનોંધ પસાર કરો :

(1) જ્યારે પાઘડી ખાતું પુરી રકમે ચોપડે દર્શાવવાનું હોય.

(2) જ્યારે ભાગીદારો પાઘડી ખાતું ચોપડે દર્શાવવા માંગતા ન હોય.

(7) સાહું, દવે અને સરદાર 5 : 3 :7 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેમની પેઢીના ચોપડે પાઘડી રૂ. 45,000 ની રકમથી દર્શાવિલ છે. ભાગીદારોએ તેમનું નફા નુકસાનનું પ્રમાણ બદલીને 4 : 3 : 3 કરવાનું નકકી કર્યુ. આ સમયે પાઘડીનું પુનઃમુલ્યાંકન કરતાં નવું મુલ્ય રૂ. 1,20,000 આપ્યું.

(1) પાઘડીનું નવું મુલ્ય ચોપડે દર્શાવવા માટેની આંમનોંધ લખો.

(2) જો પાઘડીનું નવું મુલ્ય રૂ. 15,000 નકકી કરવામાં આવ્યું હોત, તો તે મુલ્ય ચોપડે દર્શાવવા માટે જરૂરી આંમનોંધ લખો.

(8) ફોરમ, ખુશાલી અને મિનાલી 2 : 3 : 3ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તેમની પેઢીના ચોપડે પાઘડી રૂ. 8000 ની કિંમતે દર્શાવિલ છે. ભાગીદારોએ નફા નુકસાનની વહેચણીનું પ્રમાણ બદલીને 1 : 1: 2 કરવાનું નકકી કરર્યુ અને તે માટે પાઘડીનું પુનઃ મુલ્યાંકન કરવામાં આવ્યું નીચેના દરેક સંજોગ માટે જરૂરી આંમનોંધ પસાર કરો :

(1) પાઘડીની કિંમતમાં રૂ. 16,000 નો વધારો કરવાનો હોય તો ત્યારે

(2) પાઘડીની કિંમતમાં રૂ. 4000 નો ઘટાડો કરવાનો હોય ત્યારે

(10) ઉપરના દા. 9 (અ) અને (બ) માં જો પાઘડી ચોપડે દર્શાવતી ન હોય તો તેને માંડી વાળવા અંગેની આંમનોંધ પેઢીના ચોપડે પસાર કરો.

GNANPATH

# CH : 5 નવા ભાગીદારનો પ્રવેશ

❖ **નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ આપેલા ખાનામાં લખો.**

(1) નવા ભાગીદારના પ્રવેશ સમયે સામાન્ય અનામતની રકમ જમા ..........કરવામાં આવે છે.

**જવાબ : જુના ભાગીદારોના મૂડી ખાતે**

(2) ભાગીદારના પ્રવેશ વખતે પાઘડી ખાતું ઉભુ કરવામાં આવે ત્યારે પાઘડીની રકમ જુના ભાગીદારોના મૂડી ખાતે કઇ હિસાબી અસર આપવામાં આવે છે.?

**જવાબ : નફા નુકસાનના જૂના પ્રમાણમાં જમા કરવામાં આવે છે.**

(3) નવા ભાગીદારના પ્રવેશ બાદનો ભવિષ્યનો પેઢીનો નફો કે નુકસાન બધા ભાગીદારો નફા નુકસાનના કયા પ્રમાણમાં વહેચે છે.

**જવાબ : નવા**

(4) કીર્તન અને કેતન એક પેઢીના સરખા હિસ્સે ભાગીદારો છે.તેઓ કેશવને $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે ભાગીદાર તરીકે દાખલ કરે છે. તો કીર્તન અને કેતનના ત્યાગનું પ્રમાણ.....

**જવાબ : 1 : 1**

(5) ભાગીદારી કાયદા અનુસાર ભાગીદારને ચાલુ ભાગીદારીમાં કેટલી રીતે પ્રવેશ આપી શકાય ?

**જવાબ : બે**

(6) કારીગર નફાભાગ ભંડોળ એ પેઢીનું .......

**જવાબ : દેવું**

(7) નવા ભાગીદારના પ્રવેશ સમયે નકકી થયેલ ઘાલખાધ અનામતની રકમ કયાં દર્શાવવામાં આવે છે ?

**જવાબ : પુનઃમુલ્યાંકન ખાતાની ઉધાર**

(8) નવો ભાગીદાર પોતાના પાઘડીના હિસ્સાની રકમ રોકડમાં લાવે તો તે રકમ જુના ભાગીદારોના મૂડી ખાતે કયા પ્રમાણમાં જમા આપવામાં આવે છે.

**જવાબ : જુના ભાગીદારોના ત્યાગના પ્રમાણમાં**

(9) જયારે નવો ભાગીદાર પોતાના ભાગની પાઘડી રોકડમાં ના લાવે ત્યારે કઇ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

**જવાબ : પુનઃમુલ્યાંકન પદ્ધતિ**

GNANPATH

## વિભાગ : B

❖ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો :**

(1) નવો ભાગીદાર દાખલ થતાં મિલકતો અને દેવામાં થતાં ફેરફાર નોંધવા કયું ખાતું ખોલવામાં આવે છે ?

(2) ભાગીદારના પ્રવેશ વખતે પાઘડી નોંધવાની કઇ પદ્ધતિઓ છે ?

(3) નવા ભાગીદારના પ્રવેશ સમયે જુના ભાગીદારોએ કરેલ ત્યાગનું પ્રમાણ કે નફા નુકસાનની વહેચણીનું નવું પ્રમાણ આપવામાં ન આવ્યું હોય, તો જુના ભાગીદારોના ત્યાગનું પ્રમાણ કેટલું થાય ?

(4) નવા ભાગીદારના પ્રવેશ બાદ પાઘડી ખાતું માંડી વાળવામાં આવે, તો નવા પાકા સરવૈયામાં પાઘડી કઇ કિંમતે દર્શાવાશે ?

(5) પુનઃમુલ્યાંકન ખાતાને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(6) નવા ભાગીદારના પ્રવેશ વખતે પાઘડી ખાતું પેઢીના ચોપડે દર્શાવેલ હોય અને તેનું પુનઃમુલ્યાંકન કરવામાં આવે, તો તેમાં કઇ ત્રણ શકયતાઓ રહેલી છે.

## વિભાગ : E

❖ **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) 'P' અને 'D' મૂડીના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તા. 31-3-2006 ના રોજનું પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકુ સરવૈયું**

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડીખાતાં : | | જમીન મકાન | 1,80,000 |
| P 1,00,000 | | ફર્નિચર | 35,000 |
| D 3,00,000 | 4,00,000 | યંત્રો | 2,15,000 |
| નફા નુકસાન ખાતું | 35,000 | સ્ટોક | 35,000 |
| જવાબદારીઓ | 65,000 | દેવાદારો | 60,000 |
| સામાન્ય અનામત | 40,000 | રોકડ બેન્ક | 16,500 |
| ચૂકવવાની બાકી ખર્ચા | 3000 | મળવાની બાકી આવક | 1500 |
| | **5,43,000** | | **5,43,000** |

તા. 31-3-2006 ના રોજ જોષીને નફામાં $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે પ્રવેશ આપો.

વધારાની માહીતી :

(1) જોષીએ મૂડી પેટે રૂ. 1,25,000 અને પોતાના ભાગની પાઘડી પેટે રૂ. 48,000 રોકડા લાવવા. પાઘડીની રકમમાંથી 60% રકમ જુના ભાગીદારો તરત જ ઉપાડી જશે.

(2) યંત્રો અને સ્ટોકની બજારકિંમત અનુક્રમે રૂ. 1,84,000 અને રૂ. 40,000 ની છે.

GANPATH

(3) જમીન અને મકાન કિંમતમાં 15% અને ફર્નિચરની કિંમતમાં 20 ટકાનો વધારો કરવો.

(4) દેવાદારો પર 10% ઘાલખાધ અનામત અને 2% વટાવ અનામતની જોગવાઇ કરવી.

(5) જવાબદારીઓ પેટે કુલ રૂ. 60,000 ચૂકવવાના બાકી છે.

(6) રૂ. 1500 ની મળવાની બાકી આવક ચોપડે નોંધવાની બાકી છે.

(7) ચૂકવવાના બાકી ખર્ચા પેટે રૂ. 2000 ચૂકવવાના નથી.

ઉપર્યુકત માહીતી પરથી મુનઃમુલ્યાંકન ખાતું, ભાગીદારોના મૂડી ખાતા તેમજ પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : પુનઃમુલ્યાંકન ખાતાનો નફો રૂ. 9420, રોકડ ખાતાની બાકી રૂ. 1,60,700 ભાગીદારોના મૂડી ખાતાની આખરની બાકી 'પી' રૂ. 1,25,905 'ડી' રૂ. 3,77,715 અને જોષી રૂ. 1,25,000 પાકા સરવૈયાનો સરવાળો : રૂ. 6,89,620

(2) મોદી અને ભટ એક ભાગીદારી પેઢીના 4 : 5 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2006 ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડીખાતાં : | | રોકાણો | 1,80,000 |
| મોદી 2,50,000 | | ફર્નિચર | 1,37,500 |
| ભટ 1,50,000 | 4,00,000 | દેવાદારો 27,000 | |
| ચાલું ખાતા : | | - ઘાદખાધ અનામત 2500 | 24,500 |
| મોદી 5200 | | સ્ટોક | 85,000 |
| ભટ 6000 | 11,200 | રોકડ | 26,000 |
| કારીગા અકસ્માત વળતર ભંડોળ | 10,000 | અગાઉથી ચુકવેલ ખર્ચા | 6000 |
| લેણદારો | 12,400 | | |
| કારીગર નફાભાગ ભંડોળ | 15,600 | | |
| બેન્ક ઓવરડ્રાફટ | 9800 | | |
| | **4,59,000** | | **4,59,000** |

ઉપરના પાકા સરવૈયાની તારીખે તેમણે પંકજ પટેલને નવા ભાગીદાર તરીકે $\frac{1}{9}$ ભાગે નીચેની શરતોએ પ્રવેશ આપ્યો :

(1) પંકજ પટેલે મુડી પેટે રૂ. 1,50,000 લાવવા.

(2) પેઢીની પાઘડી રૂ. 36,000 નકકી થઇ. પંકજ પટેલ તેના હિસ્સાની પાઘડીની રકમ રોકડમાં લાવી શકે તેમ નથી. પેઢીના ચોપડે પાઘડીની પૂરેપૂરી રકમ દર્શાવવાનું નકકી કર્યુ.

(3) રોકાણોની બજારકિંમત રૂ. 2,00,000 છે. જે ચોપડે લાવવી.

(4) ફર્નિચરની કિંમતમાં 10% ઘટાડો અને સ્ટોકની કિંમતમાં 15 ટકાનો વધારો કરવો.
(5) દેવાદારો પર 10% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ રાખવાની છે.
(6) અકસ્માત વળતર અંગે રૂ. 1000 નો એક દાવો મંજૂર કરેલ છે. જેને ચોપડે નોંધવાનો બાકી છે.
(7) અગાઉથી ચૂકવેલ ખર્ચ પેટે રૂ. 1700 પરત મળી શકે તેમ નથી.
જરૂરી ખાતાં તૈયાર કરી પેઢીનું નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : પુનઃમુલ્યાંકન ખાતાનો નફો રૂ. 17,100 , રોકડ ખાતાની બાકી રૂ. 1,76,000 ભાગીદારો મૂડી ખાતાની બાકી : 'મોદી' રૂ. 2,50,000 ભટ રૂ. 1,50,000 પંકજ રૂ. 1,50,000 ભાગીદારોના ચાલુ ખાતાની બાકી મોદી રૂ. 32,800 (જમા), ભટ રૂ. 40,500 (જમા) પાકા સરવૈયાનો સરવાળો રૂ. 6,62,100**

(3) દવે અને દેવાણી સરખે હિસ્સે નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-2006 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી ખાતા : | | મકાન | 1,60,000 |
| દવે 1,40,000 | | ફર્નિચર | 92,000 |
| દેવાણી 1,60,000 | 3,00,000 | રોકાણો | 95,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 35,000 | દેવાદારો 54,000 | |
| દેવીહુંડી | 18,000 | - ઘા. અનામત 4000 | 50,000 |
| લેણદારો | 67,000 | મળવાની બાકી આવક | 6,000 |
| સામાન્ય અનામત | 5000 | રોકડ | 22,000 |
| | **4,25,000** | | **4,25,000** |

ઉપર્યુકત તારીખે તેઓએ આર.સી. પટેલને નવા ભાગીદાર તરીકે $\frac{1}{4}$ ભાગે નીચેની શરતોએ પ્રવેશ આપ્યો :

(1) આર.સી. પટેલે મૂડી પેટે રૂ. 1,35,000 રોકડા લાવવા.
(2) પેઢીની પાઘડી રૂ. 60,000 નક્કી થઇ. પાઘડી અંગેની હિસાબી અસરો પાઘડી ખાતું ખોલ્યા સિવાય સીધી જ ભાગીદારોના મૂડી ખાતે આપવાની છે.
(3) દેવાદારો પર રૂ. 5000 ની કુલ ઘાલખાધ અનામતની જોગવાઈ કરવાની છે.
(4) મકાનનું નવું મુલ્ય રૂ. 1,77,000 નક્કી કર્યુ. જ્યારે ફર્નિચરની કિંમતમાં રૂ. 27,000 નો ઘટાડો કરવાનો છે.
(5) રોકાણોની કિંમતમાં 10 ટકાનો ઘટાડો કરવાનો છે.
(6) લેણદારોની કુલ રકમમાંથી રૂ. 7000 ચૂકવવાના નથી.
(7) રૂ. 2000 ની મળવાની બાકી આવક ચોપડે નોંધવાની બાકી છે.
ઉપરની માહીતી પરથી પેઢીના ચોપડે પાઘડી અંગેની જરૂરી આંકનોંધ લખી. જરૂરી ખાતાં તૈયાર કરી, નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : પુનઃમુલ્યાંકન ખાતાની ખોટ રૂ. 11,500, રોકડ ખાતાની બાકી રૂ. 1,57,000, ભાગીદારો ના મૂડી ખાતાની બાકીઃ દવે રૂ. 1,44,250 દેવાણી રૂ. 1,64,250 , આર.સી.પટેલ રૂ. 1,20,000 પાકા સરવૈયાનો સરવાળો : રૂ. 5,41,500**

(4) શારદાબહેન અને જમનાદાસ એક પેઢીના 1 : 2 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

તા. 31-3-2006 ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી : | | પાઘડી | 54,000 |
| શારદાબહેન 2,25,000 | | જમીન | 1,20,00 |
| જમનાદાસ 1,75,000 | 4,00,000 | મકાન | 1,50,000 |
| સામાન્ય અનામત | 21,000 | સ્ટોક | 55,000 |
| નફા નુકસાન ખાતું | 18,000 | દેવાદારો | 80,000 |
| લેણદારો | 25,000 | રોકડસિલક | 5000 |
| | **4,64,000** | | **4,64,000** |

ઉપરના પાકા સરવૈયાની તારીખે ભાગીદારોને નવા ભાગીદાર તરીકે સુરેશચંદ્રને નફામાં $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે પ્રવેશ આપ્યો. અન્ય બાબતો નીચે મુજબ નકકી કરવામાં આવી :

(1) સુરેશચંદ્રે મૂડી પેટે રૂ. 1,70,000 રોકડ લાવવા.
(2) પાઘડીનું નવું મુલ્ય રૂ. 72,000 નકકી થયું, જે ચોપડે દર્શાવવાનું છે.
(3) જમીનની કિંમતમાં 12 ટકાનો વધારો અને મકાનની કિંમતમાં 15 ટકાનો વધારો કરવો.
(4) સ્ટોકની કિમત 10% ઓછી ગણવી.
(5) લેણદારો પૈકી રૂ. 5000 ચૂકવવાના નથી.
(6) દેવાદારો પર 8% લેખે ઘાલખાધ અનામતની જોગવાઇ કરવી.
(7) સુરેશચંદ્ર તેનો ભાગ શારદાબહેન અને જમનાદાસ પાસેથી 2 : 1 ના પ્રમાણમાં મેળવશે.

ઉપરની માહિતી પરથી ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરી નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : પુનઃમુલ્યાંકન ખાતાની નફો રૂ. 30,000 રોકડ ખાતાની બાકી રૂ. 1,75,000 ભાગીદારોના મૂડી ખાતાની બાકી : શારદાબહેન રૂ. 2,54,000 જમનાદાસ રૂ. 2,33,000 સુરેશચંદ્ર રૂ. 1,70,000 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 6,77,000**

(5) ઉપરના દાખલા દાખલા નં. 4 માં ભાગીદારો પાઘડી ખાતું રૂ. 72,000થી ચોપડે દર્શાવવા માંગતા ન હોય તો, તે સંજોગોમાં પાઘડી અંગેની જરૂરી આંમનોંધ લખી, જરૂરી ખાતાં તથા નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : આમનોંધ : શારદાબહેન ખાતે.......ઉ રૂ. 14,400, જમનાદાસ ખાતે .....ઉ રૂ. 43,200 સુરેશચંદ્ર ખાતે ......ઉ રૂ. 14,400 તે પાઘડી ખાતે રૂ. 72,000 નવું પ્રમાણ 1 : 3 : 1 ભાગીદારોના મૂડી ખાતાં : શારદાબહેન રૂ. 2,39,600 જમનાદાસ રૂ. 1,89,800 સુરેશચંદ્ર રૂ. 1,55,600 પાકા સરવૈયાનો સરવાળો : રૂ. 6,05,000**

(6) સુરભિ અને શીલા એક ભાગીદારી પેઢીના 2 : 3 ના પ્રમાણમાં નફો નુકસાન વહચેતા ભાગીદારો છે. તા. 31-12-2006 ના રોજનું તેમનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી : | | જમીન મકાન | 80,000 |
| સુરભી 40,000 | | ચંત્રો | 15,000 |
| શીલા 50,000 | 90,000 | લેણું | 18,000 |
| દેવીહુંડી | 18,000 | સ્ટોક | 5000 |
| નફા નુકસાન ખાતું | 16,000 | રોકડ સિલક | 6000 |
| | **1,14,000** | | **1,14,000** |

ઉપરની તારીખે તેઓએ સંકતેન ભાગીદારીમાં નીચેની શરતોએ પ્રવેશ આપ્યો :

(1) સંકેત પોતાના નફા નુકસાનના ભાગના પ્રમાણમાં જરૂરી રકમ મૂડી પેટે અને રૂ. 15,000 રોકડા પાઘડી પેટે લાવશે.

(2) નફા નુકસાનની વહેચણીનું નવું પ્રમાણ 2 : 2 : 1 નું નકકી થયું.

(3) જમીનની કિંમત રૂ. 78,000 નકકી કરવી.

(4) યંત્રોની કિંમત રૂ. 18,000 ગણવી.

(5) લેણાં પર 10% લેખે ઘાલખાદ્ય અનામત રાખવી.

(6) રૂ. 3000 મળવાની બાકી આવક રૂ. 1500 પગાર પેટે ચુકવવાની બાકી રકમ ચોપડે નોંધવાની બાકી છે.

ઉપરની માહીતી પરથી જરૂરી ગણતરી દર્શાવવી પેઢીના ચોપડે જરૂરી ખાંતાઓ તૈયાર કરો તથા નવું પાકું સરવૈયું બનાવો.

**જવાબ : પુનઃમુલ્યાંકન ખાતાનો નફો : રૂ. 700, રોકડ ખાતું રૂ. 51,425, ભાગીદારોનાં મૂડી ખાતાં : સુરભિ રૂ. 46,680, શીલા રૂ. 75,020, સંકેત રૂ. 30,425 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 1,71,625**

(7) ઉપરના દાખલા નં. 8 માં જૂના ભાગીદારો મૂડી નફા નુકસાનની વહેચણીના નવા પ્રમાણમાં રાખવા માંગતાં હોય,તો તે અંગેની ગણતરી તથા હિસાબી અસરો સમજાવી, ભાગીદારોના મૂડી ખાતાં અને નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : પુનઃમુલ્યાંકન ખાતાનો નફો : રૂ. 700, રોકડ ખાતાની બાકી રૂ. 51,425, ભાગીદારોનાં મૂડી ખાતાની બાકી : સુરભિ રૂ. 60,850, શીલા રૂ. 60,850, સંકેત રૂ. 30,425 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 1,71,625**

(8) અંજલી અને માનસી એક ભાગીદાર પેઢીના સરખે હિસ્સે નફા નુકસાન વહેચતા ભાગીદારો છે.તા. 30-6-2006 ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

તા. 30-6-2006 ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી ખાતાં : | | જમીન-મકાન | 75,000 |
| અંજલી 40,000 | | દેવાદરો 15,000 | |
| માનસી 30,000 | 70,000 | - ઘા.અનામત1,000 | 14,000 |
| બેન્ક ઓવરડ્રાફટ | 55,000 | સ્ટોક | 37,000 |
| લેણદારો | 18,000 | રોકડ સિલક | 18,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 7000 | મળવાની બાકી આવક | 6000 |
| | **1,50,000** | | **1,50,000** |

ઉપરના પાકા સરવૈયાની તારીખે અંજલી અને માનસીએ નવા ભાગીદાર તરીકે ચૈતાલીને નીચેની શરતોએ પ્રવેશ આપ્યો :

(1) ચૈતાલીએ મૂડી પેટે રૂ. 20,000 રોકડા લાવવા

(2) ચૈતાલીને પેઢીના ભવિષ્યના નફામાંથી $\frac{1}{5}$ ભાગ આપવો. પેઢીની પાઘડીની કિંમત રૂ. 25,000 નકકી થઇ.

(3) ચૈતાલી તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં લાવી શકે તેમ નથી. પેઢીના ચોપડે પાઘડીની પૂરેપૂરી રકમ દર્શાવવાનું ભાગીદારોએ નકકી કર્યું.

(4) જમીન અને મકાનની કિંમત રૂ. 85,000 ની ગણવી

(5) દેવાદારો પર કુલ ઘાલખાદ્ય અનામત રૂ. 1500 ની ગણવી.

(6) સ્ટોકની કિંમતમાં રૂ. 3000 હવે ચુકવવાના નથી તેમજ બેન્ક ઓવરડ્રાફટનું વ્યાજ રૂ. 4000 ચુકવવાનું બાકી છે. જેની નોંધ કરવાની છે.

ઉપરની માહીતી પરથી ભાગીદારોએ નકકી કર્યુ કે નવા ભાગીદારના પ્રવેશ બાદ મિલકતો અને દેવા તેમની જૂની કિમતે જ દર્શાવવા, તો અંગે જરૂરી ખાતાં તૈયાર કરી નવું પાકું સરવૈયું બનાવો.

**જવાબ : કાચા પુનઃમુલ્યાંકન ખાતાન પ્રથા ભાગનો નફો રૂ. 6500, કાચા પુનઃમુલ્યાંકન ખાતાના બીજા ભાગની ખોટ રૂ. 6500, રોકડ ખાતાની બાકી રૂ. 3800, ભાગીદારોનાં મૂડીખાતાની બાકી : અંજલી રૂ. 53,150 , માનસી રૂ. 43,150, ચૈતાલી રૂ. 18,700 , પાકા સરવૈયાનો સરવાળો રૂ. 1,95,000**

GNANPATH

# CH : 6 ભાગીદારની નિવૃતી/મૃત્યુ સમયના હિસાબો

❖ **નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ આપેલા ખાનામાં લખો.**

(1) પરેશ, કેયુર અને ભાસ્કર 1 : 2 : 3 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. ભાસ્કર નિવૃત થાય છે. તો ભાગીદાર પરેશ અને કેયુરનું નફા નુકસાન વહેચવાનું નવું પ્રમાણ

**જવાબ : 1 : 3**

(2) રાજુ, જાગુ અને પૂજા 3 : 2 : 1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતા ભાગીદારો પૈકી પુજા નિવૃત થાય છે. રાજુ અને જાગુ ધંધો ચાલુ રાખે છે. નવી પેઢીમાં તેઓ ભવિષ્યમાં 1 : 1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેચવાનો હોય, તો ચાલુ ભાગીદારોના લાભનું પ્રમાણ.......

**જવાબ : 3 : 2**

(3) સક્રિય ભાગીદારે જાહેર નોટીસ દ્વારા તેની નિવૃતી અંગેની જાહેરાત કરવી.

**જવાબ : ફરજિયાત છે.**

(4) સંયુકત જીવન વીમા પોલીસી ખાતું એ -

**જવાબ : ઉપલક ખાતું છે.**

**વિભાગ : B**

❖ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાકયમાં આપો :**

(1) ભારતીય ભાગીદારીધારા અનુસાર ભાગીદારી પેઢીમાંથી ભાગીદારને છૂટા થવાના કોઈપણ ત્રણ સંજોગો જણાવો.

(2) કોઇ પણ ત્રણ અનામતો જણાવો જે ભાગીદારો વચ્ચે વહેચાંતી નથી.

(3) નિવૃત ભાગીદારને લેણી રકમ ચૂકવવાની કોઇ પણ ત્રણ પદ્ધતિઓ જણાવો.

(4) મેમોરેન્ડમ(કાચું) પુનઃમુલ્યાંકન (નફા નુકસાન હવાલા) ખાતું કયા સંજોગોમાં તૈયાર કરવામાં આવે છે?

**વિભાગ : E**

❖ **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) ઋતુંભરા, કુસુમ અને પ્રતિભા 3 : 2 : 1 ના પ્રમાણથી નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તા. 31-3-2006 ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે આપેલ છે :

GNANPATH

## તા. 31-3-2006 ના રોજનું પાકુ સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી | 1,20,000 | યંત્રો | 1,60,000 |
| સામાન્ય અનામત | 12,000 | સ્ટોક | 20,000 |
| લેણદારો | 40,000 | દેવાદારો | 40,000 |
| UTI ની લોન | 80,000 | રોકડ | 20,000 |
| | | નફા નુકસાન ખાતું | 12,000 |
| | **2,52,000** | | **2,52,000** |

ભાગીદારોની મૂડી તેમના નફા નુકસાન વહેચવાના પ્રમાણમાં છે. તા. 31-3-2006 ના રોજ પ્રતિભા ભાગીદારીમાંથી નિવૃત થાય છે. ત્યારે નીચે દર્શાવેલ જોગવાઇઓ ધ્યાનમાં લેવાનું સર્વાનુંમતે નક્કી થયેલ છે.

(1) પેઢીની પાઘડી રૂ. 60,000 નક્કી થઇ તે જ કિંમતે જવા પાકા સરવૈયામાં દર્શાવવાની છે.

(2) યંત્રોની કિંમત રૂ. 1,00,000 અને સ્ટોકની કિંમત રૂ. 22,000 ગણવાની છે.

(3) દેવાદારો પર 5% ઘાલખાધ અનામતની જોગવાઇ કરવાની છે.

(4) પ્રતિભાની લેણી નીકળતી રકમ નવી પેઢીમાં તેની લોન તરીકે રાખવાની છે.

ભાગીદારોના મૂડી ખાતા અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : પુનઃમુલ્યાંકન ખાતે કુલ ખોટ રૂ. 60,000 મૂડી ખાતાની જમા બાકી ઋતુંભરા રૂ. 60,000 કુસુમ રૂ. 40,000 પ્રતિભાની લોન રૂ. 20,000 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 2,40,000**

(2) તુલસી, વિષ્ણું અને દેવેન્દ્ર સરખે હિસ્સે ભાગીદાર છે. તેમનું પેઢીનું તા. 31-12-2005 ના રોજનું પાકું સરવૈયું નીચે આપેલ છે :

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડીખાતાં : | | જમીન | 25,000 |
| તુલસી 20,000 | | યંત્રો | 15,000 |
| વિષ્ણુ 15,000 | | રોકાણો | 5000 |
| દેવેન્દ્ર 10,000 | 45,000 | સ્ટોક | 5000 |
| સામાન્ય અનામત | 4,500 | દેવાદારો 5,000 | |
| લેણદારો | 20,000 | - ઘાલખાધ અનામત 500 | 4500 |
| પ્રોવિડન્ટ ફંડ | 7,500 | પાઘડી | 10,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 5,000 | રોકડ | 17,500 |
| | **82,000** | | **82,000** |

દેવેન્દ્ર તા. 1-1-2006 ના રોજ નિવૃત થાય છે. તે દિવસે નીચેની બાબતો નક્કી કરવામાં આવેલ છે :

(1) સ્ટોકનું મુલ્ય 10% ઓછું ગણવું

(2) સ્થિર મિલકતો 20% વધુ કિંમતે ચોપડે બતાવવી.

(3) રૂ. 1000 ના લેણદારોને હવે ચુકવવાના નથી.

(4) બેન્ક ઓવરડ્રાફટનું વ્યાજ રૂ. 500 ની અસર આપવાની બાકી છે.

(5) પેઢીની પાઘડીનું પુનઃમુલ્યાંકન કરવામાં આવેલ છે. પરંતુ પાઘડી તેની જુની કિંમતે જ ચોપડે બતાવવાની છે.

(6) કમિશનના રૂ. 1000 મળવા બાકી છે. જેની અસર આપી નથી.

(7) દેવેન્દ્ર લેણી નીકળતી રકમ પેટે રૂ. 16,500 રોકડેથી ચૂકવી આપેલ છે.

ઉપર્યુકત વિગતોને ધ્યાનમાં લઈ નફા નુકસાન હવાલા ખાતું, રોકડ ખાતું, ભાગીદારોના મૂડી ખાતું અને દેવેન્દ્રની નિવૃતી બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : નફા નુકસાન હવાલા ખાતાનો કુલ નફો રૂ. 9000, રોકડ ખાતાની બાકી રૂ. 1000, મૂડી ખાતાની જમા બાકી તુલસી રૂ. 23,500 વિષ્ણું રૂ. 18,500 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 74,000**

(3) ઈન્દું, ગીતા અને પ્રિવંદના 4 : 1 : 1 ના પ્રમાણથી નફો નુકસાન વહેચતા પેઢીના ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-2006 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે આપેલ છે :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી ખાતા : | | મકાન | 24,000 |
| ઈન્દુ 30,000 | | ફર્નિચર | 12,000 |
| ગીતા 24,000 | | રોકાણો | 95,000 |
| પ્રિયંવદા 18,000 | 72,000 | બાઈક | 18,000 |
| સામાન્ય અનામત | 6000 | દેવાદારો | 45,000 |
| દેવીહુંડી | 2000 | સ્ટોક | 15,000 |
| લેણદારો | 34,000 | | |
| | **1,14,000** | | **1,14,000** |

પ્રિયંવદાએ તા. 1-4-2006 થી નિવૃત થવાનો નિર્ણય કરેલ છે. તે તારીખે નીચે મુજબ અસરો આપવાની છે :

(1) મકાન, ફર્નિચરની કિંમત 10% સુધી વધારવી.

(2) સ્ટોકનું મુલ્ય રૂ. 14,000 સુધી ઘટાડવું.

(3) દેવાદારો પૈકી રૂ. 1200 ના દેવાદારો ડૂબેલા છે. જે માંડી વાળવાના છે.

(4) રૂ. 400 ની દેવીહુંડી હવે ચુકવવાની રહેતી નથી.

પ્રિયંવદાની નિવૃતી વખતે પેઢીની પાઘડી રૂ. 14,400 નક્કી થયેલ છે. પ્રિવંદાના ભાગની રકમથી જ ચોપડે પાઘડીની અસર આપવી અને તેટલી જ રકમ પાકા સરવૈયામાં દર્શાવવાનું નક્કી થયેલ છે. પ્રિયંવદાની લેણી રકમ પેઢીમાં લોન તરીકે રાખવાની છે.

નફા નુકસાન હવાલા ખાતું, ભાગીદારોના મૂડી ખાતા, પ્રિયંવદાની નિવૃતી બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : નફા નુકસાન હવાલા ખાતાનો કુલ નફો રૂ. 1800, મૂડી ખાતાની જમા બાકી ઈન્દું રૂ. 35,200 ગીતા રૂ. 25,300 પ્રિયંવેદાની લોન રૂ. 21,700 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 1,17,800**

(4) હિતેશ, અજય અને ભરત 2 : 2 : 1 ના પ્રમાણથી નફો નુકસાન વહેચતાં એક ચાલુ ધંધાના ભાગીદારો છે. તેમનું તા. 31-3-2006 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ આપેલ છે :

## પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી : | | જમીન-મકાન | 1,50,000 |
| હિતેશ 2,40,000 | | યંત્રો | 1,50,000 |
| અજય 2,40,000 | | પેટન્ટસ | 30,000 |
| ભરત 1,20,000 | 6,00,000 | લેણીહુંડી | 30,000 |
| સામાન્ય અનામત | 30,000 | મોટરગાડી | 60,000 |
| 10 ટકાની ચેતનાની લોન | 60,000 | સ્ટોક | 1,80,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 60,000 | દેવાદારો | 1,20,000 |
| લેણદારો | 1,20,000 | રોકડ | 1,50,000 |
| કર્મચારી નફાભાગ ભંડોળ | 30,000 | નફા નુકસાન ખાતું | 30,000 |
| | **9,00,000** | | **9,00,000** |

હિતેશ નિવૃત થતાં, શરતો નીચે મુજબ રાખવામાં આવેલ છે. :

(1) મકાન અને યંત્રો પર 10% ઘસારો ગણો.

(2) સ્ટોકની કિંમત રૂ. 48,000 ઓછી ગણવી.

(3) પેટન્ટસની હવે કોઇ કિંમત ઉપજી શકે તેમ નથી.

(4) પેઢીની પાઘડી કુલ રૂ. 2,25,000 નક્કી કરેલ છે. પાઘડી ખાતું ખોલ્યા વગર હિસાબી અસરો આપવાની.

(5) હિતેશ રૂ. 1,42,200 તુરત જ ચૂકવવા અને બાકીની રકમ વાર્ષિક 8 ટકાના વ્યાજના દરે તેમની લોન તરીકે રાખવી.

પેઢીના ચોપડે જરૂરી ખાતાં અને હિતેશની નિવૃતી બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : નફા નુકસાન હવાલા ખાતાનો કુલ ખોટ રૂ. 1,20,000, ભાગીદારોના મૂડી ખાતાની જમા બાકી અજય રૂ. 1,32,000 ,ભરત રૂ.66,000 હિતેશની લોન રૂ. 91,800 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 5,59,800**

(5) હેતલ,કોમલ અને મંદા તેમની મૂડીના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તા. 31-3-2006 ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

### પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી : | | મકાન | 15,000 |
| હેતલ 15,000 | | યંત્ર | 22,500 |
| કોમલ 22,500 | | સ્ટોક | 7500 |
| મંદા 15,000 | 52,500 | દેવાદારો | 7500 |
| લેણદારો | 7500 | રોકડ | 7500 |
| | **60,000** | | **60,000** |

મંદાએ વિદેશ રહેવા જવાનું હોવાથી તા. 31-3-2006 ના રોજ ધંધાની પેઢીમાંથી નિવૃતી લેવાનો નિર્ણય કરેલ છે. આ તારીખે ભાગીદારોએ મિલકતો જવાબદારીઓનું મૂલ્યાંકન નીચે મુજબ કરવાનું ઠરાવેલ છે :

(1) મકાનની કિંમત રૂ. 3000 વધારે ગણવી.

(2) યંત્રની કિંમત રૂ. 2250 ઓછી ગણવી.

(3) સ્ટોકની કિંમત રૂ. 1250 ઓછી ગણવી.

(4) ઘાલખાધ અનામત રૂ. 750 રાખવી.

(5) ચોપડે ન નોંધાયેલ પરતું લેણી થયેલ, પરંતુ ન મળેલ આવક રૂ. 1250 ની અસર આપવાની બાદ છે.

(6) પેઢીની પાઘડી રૂ. 17,500 નક્કી કરેલ છે. મંદાના ભાગની રકમ જેટલી જ પાઘડીની હિસાબી અસરો હેતલ અને કોમલના મૂડી ખાતે આપવી.

(7) નવી પેઢીની કુલ મૂડી મંદાની નિવૃતી પહેલાં જે હતી તેટલી જ, તેમનાં નફા નુકસાનના નવા પ્રમાણ મુજબ રાખવાની છે.

(8) હવેથી હેતલ અને કોમલ સરખા ભાગ નફો નુકસાન વહેચશે.

(9) મંદાને ચૂકવવાની થતી રકમ રોકડેથી ચૂકવવી અને જો જરૂર હોય, તો હેતલ અને કોમલ રોકડ લાવશે કે લઈ જશે.

નફા નુકસાન હવાલા ખાતું, ભાગીદારોના મૂડી ખાતા, પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : નફા નુકસન ખાતું સરભર થાય છે. તેનો સરવાળો રૂ. 4250, મૂડી ખાતાની જમા બાકી : હેતલ રૂ. 26,250 કોમલ રૂ. 26,250 રોકડ ખાતાની બાકી રૂ. 7500 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 60,000**

(6) જયેશ, કમલેશ અને ફાલ્ગુન 4 : 3 : 2 ના પ્રમાણમમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તા. 31-3-2006 ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| **જવાબદારીઓ** | **રકમ રૂ.** | **મિલકતો** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| મૂડી : | | જમીન | 22,500 |
| જયેશ 18,000 | | યંત્રો | 7650 |
| કમલેશ 13,500 | | દેવાદારો 4500 | |
| ફાલ્ગુન 9000 | 40,500 | -ઘાલખાધ અનામત 150 | 4350 |
| લેણદારો | 5000 | રોકડ | 5500 |
| સુસ્મિતાની લોન | 1000 | | |
| ચૂકવવો બાકી ખર્ચ | 500 | | |
| | **47,000** | | **47,000** |

પેઢીના ચોપડે નીચેની હિસાબી અસરો આપીને ફાલ્ગુને નિવૃતી સ્વીકારેલ છે.

(1) જમીનની કિંમત 20% અને સ્ટોકની કિંમત 10% વધારવી.

(2) ઘાલખાધ અનામતની હવે જરૂર નથી.

(3) કમિશનના રૂ. 50 મળવાના બાકી છે, જેની ચોપડે નોંધ નથી.

(4) પેઢીની કુલ પાઘડી રૂ. 9000 ગણવી અને ચોપડે બતાવવી.

(5) ફાલ્ગુનની લેણી રકમમાંથી રૂ. 10,000 લોન તરીકે રાખવા અને બાકીની રકમ રોકડમાં લઈ જવી.

(6) નવા પાકા સરવૈયામાં હાથ પર રોકડ રૂ. 10,000 રાખવી.

(7) બાકી રહેતા ભાગીદારો તેમની મૂડી નવા પાકા સરવૈયામાં તેમના નફા નુકસાન વહેચણીના નવા પ્રમાણમાં 3 : 2 મુજબ રાખવી તે માટે જરૂરી રોકડ ધંધામાં લાવવી કે લઈ જવી.

જરૂરી ખાતા તૈયાર કરી નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : નફા નુકસાન હવાલા ખાતે કુલ નફો રૂ. 5400, મુડી ખાતની જમા બાકી જયેશ રૂ. 29,640 કમલેશ રૂ. 19,760, ફાલ્ગુનને ચૂકવાયેલ રોકડ રૂ. 2200, પાકા સરવૈયાનો સરવાળો રૂ. 65,900**

(7) શ્રીમાન શાહું, શ્રીમતી શાહુ તથા શારદાદેવી 3 : 2 : 1 ના પ્રમાણથી નફો નુકસાન વહેચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-12-2005 ના રોજનું પાકું સરવૈયું નીચે આપેલ છે :

## પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી ખાતાં : | | જમીન અને મકાન | 1,00,000 |
| શ્રીમાન શાહું 60,000 | | યંત્રો | 40,000 |
| શ્રીમતી શાહું 40,000 | | રોકાણો | 20,000 |
| શારદા દેવી 20,000 | 1,20,000 | સ્ટોક | 20,000 |
| સામાન્ય અનામત | 12,000 | દેવાદારો 40,000 | |
| લેણદારો | 44,000 | -ઘાલખાધ અનામત 4,000 | 36,000 |
| બેન્ક ઓવરડ્રાફટ | 44,000 | રોકડ સિલક | 2000 |
| | | સ્કુટર | 2000 |
| | **2,20,000** | | **2,20,000** |

શારદાદેવી તા. 30-6-2006 ના રોજ નીચે મુજબની શરતોએ પેઢીમાંથી સ્વૈચ્છિક નિવૃતી લે છે :

(1) જમીન અને મકાન કિંમતમાં રૂ. 20,000 વધારો કરવો.

(2) યંત્રો પર રૂ. 4000 ઘસારો ગણવો.

(3) દેવાદારો પર માત્ર રૂ. 2000 ઘાલખાધ અનામત રાખવી.

(4) પેઢીની કુલ પાઘડી રૂ. 60,000 આંકવામાં આવેલ છે. જે ચોપડે દર્શાવવી નહિ , પરંતુ શારદાદેવીના ભાગની પાઘડીનો હવાલો બાકીના ભાગીદારોના મૂડી ખાતે આપવો.

(5) દુકાનભાડાના રૂ. 4000 ચૂકવવા બાકી છે. જેની હિસાબી અસર આપેલ નથી. રોકાણોની કિંમતમાં રૂ. 10,000 વધારો થયેલ છે.

(6) શારદાદેવીની નિવૃતીની તારીખ તા. 30-6-2006 સુધીનો નફો રૂ. 48,000 અંદાજવામાં આવેલ છે. મૂડી ભાગીદારોના નવા નફા નુકસાનના પ્રમાણમાં રાખવી. તે માટે ભાગીદારો જરૂરી રોકડ લાવશે કે લઈ જશે.

નફા નુકસાન હવાલા ખાતું, ભાગીદારોના મૂડી ખાતાં, રોકડ ખાતું તથા નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : નફા નુકસાન હવાલા ખાતે કુલ નફો રૂ. 24,000 , રોકડ ખાતાની બાકી રૂ. 28,000 શારદાદેવીને ચૂકવાયેલ રૂ. 44,000 મૂડી ખાતાની જમા બાકી શ્રીમાન શાહુ રૂ. 72,0004 પાકા સરવૈયાનો સરવાળો રૂ. 2,72,000.**

GNANPATH

# CH : 7 ભાગીદારી પેઢીનું વિર્સજન

## વિભાગ : A

❖ **નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ આપેલા ખાનામાં લખો.**

(1) ભાગીદારી પેઢીના વિસર્જન વખતે મિલકતોના ઉપજમાંથી સૌપ્રથમ ચૂકવણી શાની થાય છે ?

➭ **વિર્સજન ખર્ચ**

(2) પેઢીના વિસર્જન વખતે મિલકતની ઉપજમાંથી છેલ્લે ચૂકવણી થાય છે તે

➭ **મૂડી ખાતાનો વધારો છે.**

(3) પેઢીના વિસર્જન વખતે ઘાલખાધ પરતની રકમની શું હિસાબી અસર થશે ?

➭ **માલ મિલકત નિકાલ ખાતે જમા**

(4) પેઢીના વિસર્જન વખતે પાકા સરવૈયામાં પાઘડી રૂ. 50,000 દર્શાવેલ છે. તેની ઉપજ અંગે કોઇ સ્પષ્ટતા નથી. તો કઇ અસર થાય ?

➭ **કોઇ નોંધ થશે નહિ.**

(5) વિસર્જન વખતે પાકા સરવૈયામાં પાઘડી દર્શાવેલ નથી. છતાં તેના રૂ. 50,000 ઉપજ્યા. કઇ નોંધ થશે ?

➭ **માલ મિલકત નિકાલ ખાતે જમા**

(6) વિસર્જન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલ રોકાણ વધઘટ ભંડોળ ક્યાં નોંધાશે ?

➭ **માલ મિલકત નિકાલ ખાતાની જમા બાજુ**

(7) વિસર્જન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલ યંત્ર રૂ. 20,000 છે, જેની ઉપજ અંગે કોઇ સ્પષ્ટતા કરેલ નથી. કઇ અસર થશે ? ➭ **માલ મિલકત નિકાલ ખાતે જમા**

(8) પેઢીના વિસર્જન વખતે કોઇ ભાગીદાર વિસર્જન ખર્ચ રૂ. 8000 ચુકવવાનું કબૂલે તો કઇ અસર થશે ?

➭ **માલ -મિલકત નિકાલ ખાતે ઉધાર**

(9) વિસર્જન વખતે ચોપડે નહિ નોંધાયેલ ફર્નિચર વેચતાં રૂ. 5000 ઉપજ્યા, તો ક્યા ખાતે જમા થશે ?

➭ માલ મિલકત નિકાલ ખાતે

(10) વિર્સજન વખતે ચોપડે નહિં નોંધાયેલ બાકી પગાર રૂ. 10,000 ચૂકવવામાં આવે છે, તો ક્યા ખાતે જમા થશે ?

➭ **રોકડ ખાતે**

(11) નફા નુકસાન ખાતાની જમા બાકીની વિર્સજન વખતે કઇ અસર થશે ?

➭ **ભાગીદારોના મૂડી ખાતે જમા**

(12) વિર્સજન વખતે નહિ નોંધાયેલ રોકાણો રૂ. 12,000 છે, જે નહિ નોંધાયેલ લેણદારોને આપીને ખાતું ચૂકતે કર્યુ. તો તેની હિસાબી અસર કઇ થશે ?

➭ **કોઇ નોંધ થશે નહિ.**

(13) પેઢીના વિર્સજન વખતે પાકા સરવૈયામાં દેવાદારો રૂ. 8000 હોય અને ઘાલખાધ અનામત રૂ. 800 હોય તો માલ મિલકત નિકાલ ખાતાની જમા બાજુએ કઇ રકમ લખાશે ?

➭ **રૂ. 800**

(14) પેઢીના વિર્સજન ખર્ચ અંગે ભાગીદાર મોદીને રૂ. 1200 આપવાનું નકકી કર્યુ. પરંતુ ખરેખર વિર્સજન ખર્ચ રૂ. 800 થયો, તો માલ મિલકત નિકાલ ખાતે કેટલી રકમ ઉધાર થશે ?

➭ **રૂ. 1200**

## વિભાગ : B

❖ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાકયમાં આપો :**

(1) માલ મિલકત નિકાલ ખાતાને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(2) ભાગીદારી પેઢીનું વિર્સજન એટલે શું ?

(3) ભાગીદારી પેઢીના ભાગીદારોની જવાબદારી કેવી હોય છે ?

(4) વિર્સજન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલ રોકાણ વધઘટ ભંડોળ કયા દર્શાવાશે ?

(5) વિર્સજન વખતે અગાઉ માંડી વાળેલ ઘાલખાધ પરત મળે તો તેની નોંધ કયા થાય છે ?

(6) પેઢીના વિર્સજનની મુખ્ય બે રીતોનાં નામ આપો.

(7) વિર્સજન બાદ છેલ્લે રોકડ ખાતાની કઇ બાકી રહે છે ?

(8) માલ મિલકત નિકાલ ખાતું તૈયાર કરવાની બીજી રીતમાં મિલકતની ઉપજેલ રકમ કયા ખાતે લખાય છે ?

(9) હવાલામાં આપેલ આકસ્મિક ખર્ચ માલ મિલકત નિકાલ ખાતાની કઇ બાજુએ લખાય છે ?

(10) સંયુકત જીવન વીમા પોલિસીની રકમ અને તેનું શરણમુલ્ય માલ મિલકત નિકાલ ખાતામાં કઇ બાજુએ નોંધાશે ?

(11) કાયદા દ્વારા પેઢીના થતાં ફરજિયાત વિર્સજનના ગમે તે બે સંજોગો જણાવો.

(12) કઇ ચોકકસ ઘટનાઓના કારણે પેઢીનું આપોઆપ વિસર્જન થાય છે ?

(13) સક્રિય ભાગીદાર જાહેર નોટિસ દ્વારા તેની નિવૃતી અંગેની જાહેરાત ન કરે, તો તેની કઇ જવાબદારી ઉભી થાય ?

GNANPATH

(14) મૂડી પૂરતી હોય ત્યારે પેઢીના વિર્સજન વખતે થતું નુકસાન કેવી રીતે ભરપાઇ કરવામાં આવે છે ?

(15) કયા પ્રકારની ભાગીદારીમાં ભાગીદારની નોટિસ દ્વારા પેઢીનું વિર્સજન થાય છે ?

(16) મરજિયાત વિર્સજન એટલે શું ?

(17) કરાર દ્વારા પેઢીનું વિર્સજન એટલે શું ?

(18) વિર્સજન વખતે પેઢીના મિલકતોની ઉપજમાંથી ચૂકવણીનો ક્રમ સમજાવો.

(19) વિર્સજન વખતે ભાગીદારોની મૂડી પરત કર્યા બાદ પણ જો રકમ વધે તો શું થાય છે ?

(20) ભાગીદારની પત્નીએ સ્ત્રીધનમાંથી પેઢીને લોન આપી હોય તો તેની ચૂકવણી કઇ રીતે થાય છે ?

## વિભાગ : B

❖ **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે જણાવો. ખોટું વિધાન સુધારીને લખો :**

(1) ભાગીદારી પેઢીના એક સિવાય બાકી બધા ભાગીદાર નિવૃત થાય તો પેઢીનું વિર્સજન થાય છે.

(2) ભાગીદારી પેઢીના વિર્સજન બાબતે અદાલત હસ્તક્ષેપ કરી શકે છે.

(3) ભાગીદારી પેઢીના દેવા ચૂકવવા માટે અંગત મિલકતોનો ઉપયોગ થઇ શકે નહિ.

(4) વિર્સજન ખર્ચ મિલકતોની ઉપજમાંથી સૌથી છેલ્લે ચૂકવાય છે.

(5) પેઢીનું વિર્સજન ખર્ચ ચૂકવવાની જવાબદારી પેઢીની છે.

(6) ઘાલખાધ પરતની નોંધ માલમિલકત નિકાલ ખાતે કરવી ફરજિયાત છે.

(7) ભાગીદારની પત્નીએ સ્ત્રીધનમાંથી પેઢીને આપેલી લોન પ્રથમ ચૂકવાય છે ?

(8) વિર્સજનની કામગીરી અંગે કોઇ ભાગીદારને મહેનતાણું ચૂકવવાનું હોય, તો ખરેખર ચૂકવેલ વિર્સજન ખર્ચ ચોપડે નોંધાતો નથી.

(9) કર્મચારી અકસ્માત ભંડોળ વિસર્જન વખતે ભાગીદારો નફા નુકસાન પ્રમાણમાં લે છે.

(10) પેઢીનો વિર્સજન ખર્ચ ચુકવવાનું જવાબદારી પેઢીની હોય પરંતુ ભાગીદાર ચૂકવે, તો તેની નોંધ ચોપડે થતી નથી.

(11) માલ મિલકત નિકાલ ખાતાને નફા નુકસાન હવાલા ખાતું પણ કહે છે.

(12) અદશ્ય મિલકતોની ઉપજ કિંમત વિર્સજન વખતે ન આપી હોય તો તેનું કશું જ ઉપજતું નથી તેમ મનાય છે.

(13) પેઢીના ચોપડે પાઘડી દર્શાવિલ નથી. પરંતુ વિર્સજન વખતે તેના રૂ. 20,000 ઉપજે, તો તેની નોંધ ફરજિયાત કરવી પડે છે.

(14) ભાગીદારી પેઢીના બધા જ ભાગીદારોની જવાબદારી અમર્યાદિત હોય છે.

(15) પેઢીના વિર્સજન વખતે ચોપડે નહિ નોંધાયેલ દેવું ચુકવવું પડતું નથી.

GNANPATH

## વિભાગ : C

❖ **નીચેના વ્યવહારોની પેઢીના વિર્સજનના સંજોગોમાં થતી આંમનોંધ લખો :**

1. પેઢીના ચોપડે પાઘડી દર્શાવિલ નથી. પરંતુ વિર્સજન વખતે તેના વેચાણથી રૂ. 25,000 મળ્યા છે. આંમનોંધ લખો.
2. વિસર્જન વખતે પાકા સરવૈયામાં યંત્રો રૂ. 50,000 અને ફર્નિચર રૂ. 10,000 બતાવેલ છે. તેના અનુક્રમે રૂ. 60,000 અને રૂ. 8000 ઉપજયા આંમનોંધ લખો.
3. 'દવે અને દેવાણી' ની પેઢીના વિસર્જન વખતે તમામ દેવાં ચુકવ્યા બાદ મિલકતોનો વધારો રૂ. 50,000 રહયો છે. તેના નિકાલની આંમનોંધ લખો.
4. શાહુ અને દેવાણીની પેઢીના વિસર્જનની કાર્યવાહી કરવાની જવાબદારી દેવાણી સ્વીકારે છે. બદલામાં તેને મહેનતાણા તરીકે પેઢીએ રૂ. 20,000 ચુકવવાનું નકકી કર્યુ. પેઢીએ તેને ખર્ચ પેટે રૂ. 10,000 ચુકવ્યા. આંમનોંધ લખો.
5. શ્રી વિનોદ પટેલ તેમની પત્નિએ આપેલ લોન રૂ. 50,000 ચુકવવાનું સ્વીકારે છે. વિસર્જન વખતે આંમનોંધ લખો.
6. પેઢીના વિસર્જન વખતે નહિ નોંધાયેલ આવકવેરો રૂ. 12,000 ચૂકવવાનો થયો, જે રિસીવરે ચૂકવ્યો છે.
7. પેઢીના વિસર્જન વખતે ચોપડે ટ્રેડમાર્ક રૂ. 80,000 બતાવેલ છે. પરંતુ તેની ઉપજ અંગે કોઇ સ્પષ્ટતા નથી.
8. આર.સી. અને હમીરાણીની પેઢીના વિસર્જન વખતે ચોપડે મારૂતિ કાર રૂ. 1,00,000 દર્શાવિલ છે. જે.આર.સી રૂ. 80,000 માં લઇ જાય છે.
9. પેઢીના ચોપડે વિસર્જન વખતે લોખંડની તિજોરી રૂ. 25,000 ની દર્શાવેલી છે. પરંતુ ઉપજ કે વેચાણ અંગે કોઇ સ્પષ્ટતા નથી.
10. પેઢીના વિસર્જન વખતે રોકાણો અંગે આપેલી નીચેની નોંધ ખોટી થઇ છે. જે સુધારીને ફરીથી લખો તથા આંમનોંધ લખો.

ઉ માલ મિલકત નિકાલનું નફા નુકસાન ખાતું જ

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| રોકાણો ખાતે | 50,000 | રોકડ ખાતે(ઉપજ) | 60,000 |

11. અલ્કેશભાઇ અને જસવંતભાઇ 3 : 2 ના પ્રમાણમાં નફા નુકસાન વહેચતાં ભાગીદારો છે. તા. 31-12-2006 ના રોજ પેઢીનું વિસર્જન થયું. નીચેના સંજોગોમાં જરૂરી આંમનોંધ લખો.

GNANPATH

(1) સામાન્ય અનામત રૂ. 15,000

(2) નફા નુકસાન ખાતાની ઉધાર બાકી રૂ. 5000

(3) શ્રીમતી અલ્કેશની પેઢીને ધીરેલી લોન રૂ. 15,000 અલ્કેશે ચૂકવવાનું સ્વીકાર્યુ.

12. પેઢીના વિસર્જન વખતે ચોપડે લેણદારો રૂ. 40,000 છે. લેણદારો પૈકી 10 ટકાના લેણદારોને ચોપડે નહી નોંધાયેલ રોકાણો, રૂ. 2000 આપ્યા અને બાકીની રોકડ ચૂકવી. બાકીના લેણદારોને 10% વટાવે રકમ ચૂકવી.

13. પેઢીના વિસર્જન વખતે પાકા સરવૈયામાં દર્શાવિલી નીચેની બાકીઓનો નિકાલ કરવા જરૂરી આંમનોંધ લખો.

(1) સામાન્ય અનામત

(2) કારીગર અકસ્માત વળતર ભંડોળ

(3) મિલકતોના ખાતાં બંધ કરવા

(4) દેવાનાં ખાતા બંધ કરવાં.

14. અદાલત દ્વારા થતાં પેઢીના વિર્સજનના ત્રણ સંજોગો જણાવો.

GNANPATH